**મત્સ્યોદ્યોગ, પશુપાલન અને ડેરી મંત્રાલય**
**(પશુપાલન અને ડેરી વિભાગ)**
**જાહેરનામુ**
**નવી દિલ્હી, ૧૦ માર્ચ, ૨૦૨૩**

જી.એસ.આર. ૧૯૩ (ઇ) – પશુ જન્મ નિયંત્રણ નિયમો, ૨૦૨૨નો મુસદ્દો ભારતના રાજપત્ર, અસાધારણ, ભાગ–૨, કલમ ૩, પેટા–વિભાગ (આઇ) ભારત સરકાર, મત્સ્યોદ્યોગ, પશુપાલન અને ડેરી મંત્રાલયના જાહેરનામા ક્રમાંક જીએસઆર ૬૫૬(ઇ) તા. ૩૧ જુલાઇ, ૨૦૨૨થી પ્રકાશિત કરવામાં આવ્યો હતો. અને, ઉપરોક્ત જાહેરનામુ ધરાવતા સરકારી રાજપત્રની નકલો જાહેર જનતાને ઉપલબ્ધ થાય તે તારીખથી ત્રીસ દિવસના સમયગાળામાં તેની અસર થવાની સંભાવના હોય તેવી તમામ વ્યક્તિઓ પાસેથી વાંધા અને સૂચનો મંગાવવામાં આવ્યા હતા;

અને ઉપરોક્ત રાજપત્રની નકલો ૨૫ ઓગસ્ટ, ૨૦૨૨ ના રોજ લોકોને ઉપલબ્ધ કરાવવામાં આવી હતી;

અને ઉપરોક્ત નિયમોના મુસદ્દાના સંદર્ભમાં મળેલા વાંધા અને સૂચનો, મત્સ્યોદ્યોગ, પશુપાલન અને ડેરી મંત્રાલય દ્વારા યોગ્ય રીતે ધ્યાનમાં લેવામાં આવ્યા છે;

તેથી, હવે, પશુ ક્રૂરતા નિવારણ અધિનિયમ, ૧૯૬૦ ની કલમ (ઇએ)ની પેટા–કલમ (૧) અને (૨)થી મળેલી સત્તાની રૂએ અને તા. ૨૪ ડિસેમ્બર, ૨૦૦૧ના એસ.ઓ. ૧૨૫૬(ઇ) ને રદ કરીને અને તે રદ થયા પહેલા કરવામાં આવી હોય કે ન કરવામાં આવી હોય તે બાબતોને અપવાદ ગણીને, કેન્દ્ર સરકાર આથી નીચે મુજબના નિયમો ઘડે છે:–

**૧. ટૂંકું શીર્ષક અને પ્રારંભ:**– (૧) આ નિયમો પશુ જન્મ નિયંત્રણ નિયમો, ૨૦૨૩ તરીકે ઓળખાશે.
(૨) તે સરકારી રાજપત્રમાં તેના અંતિમ પ્રકાશનની તારીખથી અમલમાં આવશે.

**૨. વ્યાખ્યા:**– (૧) આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા મજકૂર હોય તે સિવાય,

(a) "અધિનિયમ" એટલે પશુ ક્રૂરતા નિવારણ અધિનિયમ, ૧૯૬૦ (૧૯૬૦નો ૫૯);

(b) "પશુ જન્મ નિયંત્રણ કેન્દ્ર" એટલે સર્જિકલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર, પોસ્ટ–ઓપરેટિવ કેર કેનલ, ક્વૉરેન્ટાઇન કેનલ, ક્વૉરેન્ટાઇન કેનલ, જરૂરી લોજિસ્ટિક્સ સાથે કૂતરા પરિવહન વાહનો અને બોર્ડ દ્વારા નિર્દિષ્ટ કરવામાં આવેલી અન્ય સવલત ધરાવતું, શેરી કૂતરાઓ માટે પશુ જન્મ નિયંત્રણ કાર્યક્રમ હાથ ધરવાના હેતુ માટે નિર્માણ કરવામાં આવેલું પશુ રોગ સુવિધા કેંદ્ર;

(c) "પશુ જન્મ નિયંત્રણ કાર્યક્રમ" એટલે સ્થાનિક સત્તાતંત્ર અથવા પશુ કલ્યાણ સંસ્થા દ્વારા આ નિયમો હેઠળ પશુઓ માટે હાથ ધરવામાં આવતો જન્મ નિયંત્રણ કાર્યક્રમ;

(d) "પશુ આશ્રયસ્થાન" એટલે રખડતા અથવા શેરીના અથવા ત્યજી દેવાયેલા પશુઓ બીમાર અથવા ઘાયલ હોય ત્યારે તેને દત્તક અથવા પુનર્વસન, સામાન્ય સારવાર માટે રાખવામાં આવે તે જગ્યા;

(e) "પશુ કલ્યાણ સમિતિ" એટલે સમુદાયના કૂતરાઓને ખોરાક આપવાના નિરાકરણ માટે આ નિયમો હેઠળ રચવામાં આવેલી સમિતિ;

(f) "પશુ કલ્યાણ સંસ્થા" એટલે ૧૮૬૦ (૧૮૬૦નો ૨૧) ના મંડળી નોંધણી અધિનિયમ અથવા તે સમયે અમલમાં હોય તેવા સંબંધિત કાયદા હેઠળ નોંધાયેલી અને બોર્ડની વર્તમાન નીતિ મુજબ ભારતના પશુ કલ્યાણ બોર્ડ દ્વારા માન્ય હોય તેવી પશુઓના કલ્યાણ માટે કામ કરતી કોઈપણ સંસ્થા;

(g) "બોર્ડ" એટલે કલમ ૪ હેઠળ સ્થાપના કરવામાં આવેલું અને અધિનિયમની કલમ ૫–એ હેઠળ પુનર્ગઠિત ભારતીય પશુ કલ્યાણ બોર્ડ;

(h) "પ્રમાણપત્ર" એટલે આ નિયમો હેઠળ પશુ જન્મ નિયંત્રણ કાર્યક્રમના હેતુ સર બોર્ડ દ્વારા કોઈપણ પશુ કલ્યાણ સંસ્થા અથવા સ્થાનિક સત્તાતંત્રને આપવામાં આવેલું પરિયોજના માન્યતાનું પ્રમાણપત્ર;

(i) "સમિતિ" એટલે નિયમ ૯ હેઠળ સ્થાપના કરવામાં આવેલી દેખરેખ–નિયંત્રણ સમિતિ;

(j) "સામુદાયિક પશુઓ" એટલે એવા સમુદાયમાં જન્મેલું એવું કોઈપણ પશુ, જેના માટે કોઈ વ્યક્તિ અથવા સંસ્થા દ્વારા કોઈ માલિકીનો દાવો કરવામાં આવ્યો ન હોય અને તેમાં વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ, ૧૯૭૨ (૧૯૭૨ નો ૫૩) હેઠળ વ્યાખ્યાયિત કરવામાં આવેલા વન્ય પ્રાણીઓનો સમાવેશ થતો ન હોય;

(k) "નિરીક્ષણ ટુકડી" એટલે નિયમ ૧૪ હેઠળ બોર્ડ અથવા રાજ્ય બોર્ડ દ્વારા અધિકૃત કરવામાં આવેલી ટુકડી;

(l) "અધિકારક્ષેત્ર પશુ ચિકિત્સા અધિકારી" એટલે સંબંધિત વિસ્તારના પશુપાલન વિભાગના સરકારી પશુ ચિકિત્સા કેંદ્રમાં નિયુક્ત કરવામાં આવેલા પશુપાલન વિભાગના "પશુ ચિકિત્સા અધિકારી";

(m) "સ્થાનિક સત્તાતંત્ર" એટલે નગરપાલિકા સમિતિ, નગરપાલિકા પરિષદ, જિલ્લા વહીવટીતંત્ર, જિલ્લા પંચાયતો અથવા બોર્ડ, કેન્ટોનમેન્ટ બોર્ડ અથવા કાયદા દ્વારા ચોક્કસ સ્થાનિક વિસ્તારની અંદર કોઈપણ બાબતોના નિયંત્રણ અને વહીવટ માટે તત્પૂરતા સ્થાપવામાં આવેલા અન્ય સત્તાતંત્રો;

(n) "મોડ્યુલ" એટલે બોર્ડ દ્વારા પ્રકાશિત કરવામાં આવતો અને વખતો વખત અદ્યતન કરવામાં આવતો કૂતરા વસ્તી નિયંત્રણ અને હડકવા નાબૂદી માટેનો લેખિત દસ્તાવેજ, જે શેરીના કૂતરાઓ માટેના પશુ જન્મ નિયંત્રણ કાર્યક્રમ માટે એક પ્રમાણભૂત સંચાલન પ્રક્રિયા તરીકે કામ કરશે.

(o) "માલિક" એટલે પશુનો માલિક અને તેમાં માલિકની સંમતિ સાથે અથવા સંમતિ વગર આવા પશુનો કબજો અથવા અભિરક્ષણ ધરાવતી અન્ય કોઈ વ્યક્તિ અથવા સંસ્થા અથવા સંગઠનનો સમાવેશ થાય છે;

(p) "પરિયોજના પ્રભારી" એટલે શેરી કૂતરાઓ માટે, પશુ જન્મ નિયંત્રણ કાર્યક્રમ હાથ ધરવા માટે સ્થાનિક સત્તાતંત્ર દ્વારા નિયુક્ત કરવામાં આવેલા પશુ ચિકિત્સક. સ્થાનિક સત્તાતંત્રના પરિયોજના પ્રભારી સ્થાનિક સત્તાતંત્ર અથવા રાજ્ય સરકારના નિયમિત પગારપત્રક પરના પશુ ચિકિત્સક રહેશે;

(q) "પરિયોજના માન્યતા સમિતિ" એટલે પશુ જન્મ નિયંત્રણ માટે, પરિયોજનાની માન્યતા માટેની અરજીની ચકાસણી અને તપાસ માટે બોર્ડ દ્વારા રચવામાં આવેલી સમિતિ;

(r) "રાજ્ય બોર્ડ" એટલે રાજ્ય સરકાર દ્વારા રાજ્યમાં રચવામાં આવેલું રાજ્ય પશુ કલ્યાણ બોર્ડ;

(s) "પશુ ક્રૂરતા નિવારણ સોસાયટી" એટલે આ અધિનિયમ હેઠળ ઘડવામાં આવેલા નિયમો હેઠળ સ્થાપવામાં આવેલી પ્રાણીઓ પ્રત્યેની ક્રૂરતાના નિવારણ માટેની સોસાયટી;

(t) "પશુરોગ ચિકિત્સક" એટલે ભારતીય પશુરોગ ચિકિત્સા પરિષદ અધિનિયમ, ૧૯૮૪ (૧૯૮૪ નો ૫૨)ની જોગવાઈઓ હેઠળ નોંધાયેલા પશુરોગ ચિકિત્સક;

(૨) અહીં વપરાયેલા અને વ્યાખ્યાયિત ન કરવામાં આવેલા પરંતુ પશુઓ પ્રત્યે ક્રૂરતા નિવારણ અધિનિયમ, ૧૯૬૦ અને વન્યજીવ સંરક્ષણ અધિનિયમ, ૧૯૭૨માં વ્યાખ્યાયિત કરવામાં આવેલા શબ્દો અને અભિવ્યક્તિઓનો અર્થ તે અધિનિયમોમાં કરવામાં આવેલા અર્થ અનુસાર રહેશે.

**૩. પરિયોજનાની માન્યતા:**

1. સ્થાનિક સત્તાતંત્ર તેમના પોતાના પશુ ચિકિત્સક દ્વારા પશુ જન્મ નિયંત્રણ કાર્યક્રમનો અમલ કરી શકે છે, અથવા જરૂર જણાય તો સ્થાનિક સત્તાતંત્ર, બોર્ડ દ્વારા પશુ જન્મ નિયંત્રણ અંગે યોગ્ય માન્યતા અને બોર્ડની પ્રવર્તમાન નીતિ મુજબ પશુ જન્મ નિયંત્રણ કાર્યક્રમના અમલ માટે જરૂરી તાલીમ, કુશળતા અને માનવ સંસાધન ધરાવતી પશુ કલ્યાણ સંસ્થાની સેવા લઇ શકે છે.
2. પેટા-નિયમ (૧)માં ઉલ્લેખિત બંને શરતો હેઠળ બોર્ડ પાસેથી પરિયોજના માન્યતા પ્રમાણપત્ર મેળવવું ફરજિયાત રહેશે.
3. બોર્ડ તરફથી પરિયોજના માન્યતા પ્રમાણપત્ર વિના કોઈ સ્થાનિક સત્તાતંત્ર અથવા સંસ્થા શેરી કૂતરાઓ માટે પશુ જન્મ નિયંત્રણ કાર્યક્રમ હાથ ધરશે નહીં, અમલ કરશે નહીં અથવા આયોજન કરશે નહીં.
4. જે તે સમયે અમલમાં હોય તેવા કોઈપણ કાયદા હેઠળ કરાર કરવા માટે ગેરલાયક ઠરાવવામાં આવી ન હોય તેવી કોઈપણ પશુ કલ્યાણ સંસ્થા, પ્રથમ અનુસૂચિમાં આપવામાં આવેલા ફોર્મ-૧ માં રૂ. પાંચ હજારની બિન-રિફંડપાત્ર ફી સાથે પરિયોજનાની માન્યતા માટે બોર્ડને અરજી કરી શકે છે.
5. આ નિયમો હેઠળ પરિયોજના માન્યતા માટે અરજી કરતી કોઈપણ પશુ કલ્યાણ સંસ્થાને બોર્ડ દ્વારા પશુ કલ્યાણ સંસ્થા તરીકે પણ માન્યતા આપવામાં આવશે.
6. સ્થાનિક સત્તાતંત્ર તેના પોતાના પશુ ચિકિત્સા અધિકારીઓ દ્વારા પશુ જન્મ નિયંત્રણ કાર્યક્રમનો અમલ કરી રહ્યું હોય ત્યારે સ્થાનિક સત્તાતંત્રના પરિયોજના પ્રભારીએ બોર્ડને જાણ કરવાની રહેશે અને અન્ય તમામ શરતો અને બોર્ડ દ્વારા પ્રકાશિત કરવામાં મોડ્યુલ લાગુ પડશે.
7. પશુ જન્મ નિયંત્રણ કાર્યક્રમ હાથ ધરવા માટે પરિયોજનાની માન્યતા માટે અરજી કરતા અરજદારે દરેક પશુ જન્મ નિયંત્રણ કેંદ્ર માટે અલગ અરજી કરવાની રહેશે.
8. પરિયોજનાની માન્યતા મેળવવા ઇચ્છતા અરજદારે, સંબંધિત પરિયોજનામાં નિયુક્ત કરવાના દરેક પશુ ચિકિત્સક માટે ભારતીય પશુ ચિકિત્સા પરિષદ/ રાજ્ય પશુ ચિકિત્સા પરિષદ દ્વારા આપવામાં આવેલા નોંધણી પ્રમાણપત્રની પ્રમાણિત નકલ રજૂ કરવાની રહેશે. અરજદારે સરકારી સત્તાતંત્ર દ્વારા આપવામાં આવેલા અનુભવ પ્રમાણપત્રની નકલ પણ રજૂ કરવાની રહેશે અને અરજદાર દ્વારા નિયુક્ત કરવાના હોય તેવા ઓછામાં ઓછા એક પશુચિકિત્સકને ભારતમાં કોઇપણ સ્થળે ઓછામાં ઓછી બે હજાર પશુ જન્મ નિયંત્રણ સર્જરીઓ કરવાનો અનુભવ હોવો જોઈશે.
9. બોર્ડ દ્વારા પરિયોજનાને માન્યતા આપવા માટે પરિયોજના માન્યતા સમિતિની રચના કરવાની રહેશે.
10. બોર્ડ, પરિયોજના માન્યતા માટેની અરજી મળ્યા પછી સંબંધિત રાજ્યના પશુપાલન વિભાગને પશુ જન્મ નિયંત્રણ કેન્દ્રનું નિરીક્ષણ કરવા અને બોર્ડ દ્વારા પ્રકાશિત મોડ્યુલ અનુસાર જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ હોવાની ખાતરી કરવા માટેની સૂચના આપશે અને કરશે અને બોર્ડ તરફથી પત્ર મળ્યાના ત્રીસ દિવસના સમયગાળામાં નીચે મુજબના સભ્યો ધરાવતી ટીમ દ્વારા નિરીક્ષણ કરવાનું રહેશે.
   ૧. જિલ્લાના મુખ્ય પશુચિકિત્સા અધિકારી;
   ૨. રાજ્ય પશુ જન્મ નિયંત્રણ દેખરેખ સમિતિના નોડલ અધિકારી;
   ૩. બોર્ડ અથવા રાજ્ય બોર્ડના પ્રતિનિધિ;
   ૪. પશુ ચિકિત્સા સર્જરી અથવા પશુ જન્મ નિયંત્રણના ક્ષેત્રમાં કૌશલ ધરાવતા એક નિષ્ણાત
11. નિરીક્ષણ ટીમે નિરીક્ષણ કર્યાની તારીખથી દસ દિવસના સમયગાળામાં બોર્ડ દ્વારા નિયત કરવામાં આવેલા નિરીક્ષણ માટેના નમૂનામાં નિરીક્ષણ ટીમના તમામ સભ્યોની સહી સાથેનો અહેવાલ રજૂ કરવો જરૂરી છે.
12. પરિયોજના માન્યતા સમિતિને પેટા-નિયમ (૧૦) હેઠળના નિરીક્ષણ અહેવાલ ઉપર વિચારણા કર્યા પછી એ બાબતે સંતોષ થાય કે પશુ જન્મ નિયંત્રણ કેન્દ્ર આ નિયમોની જોગવાઈ હેઠળની જરૂરિયાતોનું પાલન કરે છે તો, તે પશુ જન્મ નિયંત્રણ કાર્યક્રમ માટે પરિયોજના માન્યતાનું પ્રમાણપત્ર આપવાની ભલામણ કરશે.
13. બોર્ડ, પરિયોજના માન્યતા સમિતિની ભલામણના આધારે આ નિયમો હેઠળ ચોક્કસ પરિયોજના માટે માન્યતા પ્રમાણપત્ર આપશે જે નિરીક્ષણ અહેવાલ પ્રાપ્ત થયાના પંદર દિવસના સમયગાળાની અંદર તબદીલ થઇ શકશે નહીં.
14. સ્થાનિક સત્તાતંત્રના પરિયોજના પ્રભારી અથવા સંસ્થાના પશુચિકિત્સકે, પરિયોજના માન્યતાનું પ્રમાણપત્ર પશુ જન્મ નિયંત્રણ કેન્દ્ર પર સ્પષ્ટપણે દર્શાવવામાં આવે તે બાબત સુનિશ્ચિત કરવાની રહેશે અને નિરીક્ષણ સત્તાધિકારી વિનંતી કરે ત્યારે આ પ્રમાણપત્ર પણ રજૂ કરવાનું રહેશે.

**૪. માન્યતા આપવાનો ઈન્કાર:**

બોર્ડ નીચે મુજબના સંજોગોમાં આ નિયમો હેઠળ સ્થાનિક સત્તાતંત્ર અથવા પશુ કલ્યાણ સંસ્થા સંચાલિત પરિયોજનાને માન્યતા આપશે નહીં.

1. સ્થાનિક સત્તાતંત્ર અથવા પશુ કલ્યાણ સંસ્થા દ્વારા રજૂ કરવામાં આવેલી માહિતી ખોટી હોવાનું જણાય અથવા અરજદારે અરજીમાં ઈરાદાપૂર્વક ખોટું નિવેદન આપ્યું હોય અથવા બોર્ડને ખોટા અથવા બનાવટી રેકર્ડ્સ આપ્યા હોય;
2. આ નિયમો હેઠળ માન્યતા માટે અરજી કરતા પહેલા કોઈપણ તબક્કે, આ અધિનિયમ અથવા તેની હેઠળ બનેલા નિયમો હેઠળ, અથવા પ્રાણીઓના રક્ષણ માટે ઘડવામાં આવેલા અન્ય કોઈપણ રાજ્ય અથવા કેન્દ્રીય અધિનિયમ હેઠળ અથવા જે તે સમયે અમલમાં હોય તેવા કોઈપણ પ્રાણી સંબંધિત કોઈપણ ગુના માટે પશુ કલ્યાણ સંસ્થાને દોષિત ઠેરવવામાં આવી હોય;
3. પશુ કલ્યાણ સંસ્થા નિરીક્ષણ ટુકડીને સમગ્ર સંકુલમાં અથવા સંકુલના કોઈ ભાગમાં નિરીક્ષણ કરવાનો ઈન્કાર કરે અથવા આ નિયમો હેઠળ ફરજિયાત હોય તેવા દસ્તાવેજો અથવા કોઈપણ રેકર્ડ બતાવવાનો ઈન્કાર કરે;
4. પરિયોજના માન્યતા સમિતિને એવું જણાય કે પશુ જન્મ નિયંત્રણ કેંદ્રમાં નિર્ધારિત જરૂરિયાત અનુસાર માળખાગત સુવિધા અને માનવબળ ઉપલબ્ધ નથી તો બોર્ડ, નિયમ ૩ના પેટા-નિયમ (૧૧)ની જોગવાઈ અનુસાર નિરીક્ષણ ટીમનો અહેવાલ મળ્યાના ત્રીસ દિવસની અંદર લેખિતમાં કારણો દર્શાવીને અરજી નામંજૂર કરી શકે છે.

**૫. માન્યતા વગર પ્રતિબંધ:**

**સ્થાનિક સત્તાતંત્ર અથવા પશુ કલ્યાણ સંસ્થાએ આ નિયમો હેઠળ શેરી કૂતરાઓ માટે કોઈ પ્રાણી જન્મ નિયંત્રણ કાર્યક્રમ માટેની પરિયોજનાનું માન્યતા પ્રમાણપત્ર મેળવ્યું ન હોય ત્યાં સુધી આવા કાર્યક્રમ હાથ ધરવા નહીં;**

પરંતુ, પ્રથમ પરંતુકમાં જણાવવામાં આવેલા કોઈપણ સ્થાનિક સત્તાતંત્ર અથવા પશુ કલ્યાણ સંસ્થા છ મહિનાના સમયગાળામાં પરિયોજના માન્યતા પ્રમાણપત્ર માટે અરજી કરવામાં નિષ્ફળ જાય અથવા આ નિયમો હેઠળ નિર્દિષ્ટ કોઈપણ કારણોસર પરિયોજના માન્યતાનો ઈન્કાર કરવામાં આવ્યો હોય, તો સંબંધિત સ્થાનિક સત્તાતંત્રએ આવા પશુ જન્મ નિયંત્રણ કાર્યક્રમને બંધ કરી દેવાનો રહેશે. કૂતરા પકડવામાં આવ્યા હોય અથવા સર્જરી કરવામાં આવી હોય તો તેને તરત જ બંધ કરી દેવાની રહેશે અને તમામ કૂતરાઓ છોડવા યોગ્ય ન થાય ત્યાં સુધી, પરિયોજના પ્રભારી અથવા પ્રાણી કલ્યાણ સંસ્થા દ્વારા તેની સારવાર કરવાની રહેશે.

**૬. માન્યતાનું નવીકરણ:-**

1. બોર્ડ દ્વારા આપવામાં આવેલા પશુ જન્મ નિયંત્રણ કેન્દ્ર માટે પરિયોજના માન્યતાનું પ્રમાણપત્ર માન્યતાની તારીખથી ત્રણ વર્ષના સમયગાળા માટે માન્ય રહેશે અને આ નિયમો હેઠળ બોર્ડને અરજી મળ્યા પછી તેનું નવીકરણ થઈ શકશે.
2. પશુ જન્મ નિયંત્રણ કાર્યક્રમ માટેની પરિયોજના માન્યતા પૂર્ણ થવાના ઓછામાં ઓછા સાઠ દિવસ પહેલાં, પ્રથમ અનુસૂચિમાં આપવામાં આવેલા નમૂના-૪માં, રૂ. પાંચ હજારની નોન-રિફંડેબલ નવીકરણ ફી સાથે બોર્ડને માન્યતા નવીકરણ કરવા માટેની અરજી કરવાની રહેશે અને નિયમ-૩ની જોગવાઈઓ અનુરૂપ ફેરફાર સાથે લાગુ પડશે.
3. નિયમ-૩ના પેટા-નિયમ (૩) હેઠળ નિરીક્ષણ અધિકારી દ્વારા રજૂ કરવામાં આવેલ નિરીક્ષણ અહેવાલ અંગે વિચારણા કર્યા પછી બોર્ડને સંતોષ થાય કે પશુ જન્મ નિયંત્રણ કેન્દ્ર આ નિયમો હેઠળ નિયત કરવામાં આવેલી જરૂરિયાતોનું પાલન કરે છે તો બોર્ડ, પ્રથમ અનુસૂચિમાં આપવામાં આવેલા નમૂના-૫ માં નવીકરણ કરીને પશુ જન્મ નિયંત્રણ કેન્દ્રની પરિયોજના માન્યતા અંગેના પ્રમાણપત્રનું નવીકરણ કરશે.
4. બોર્ડ દ્વારા નવીકરણ કરવામાં આવેલું પરિયોજના માન્યતા પ્રમાણપત્ર ત્રણ વર્ષના સમયગાળા માટે માન્ય રહેશે, અને આ નિયમો હેઠળ બોર્ડને અરજી કરીને અને નવીકરણ ફી ભરીને ફરીથી નવીકરણ કરી શકાશે.

**૭. પ્રાણીઓનું વર્ગીકરણ:-** આ નિયમોના હેતુ માટે વર્ગીકૃત કરાયેલા પ્રાણીઓ નીચે મુજબ છે:

(૧) પાલતુ પ્રાણીઓ – વ્યક્તિની માલિકીના અને ઘરની અંદર રાખવામાં આવતા કૂતરા;

(૨) શેરીના કૂતરા અથવા સમુદાયની માલિકીના ભારતીય કૂતરા અથવા ત્યજી દેવાયેલા ઊંચી ઓલાદના બેઘર હોય તેવા અને શેરીમાં અથવા દરવાજાવાળા સંકુલમાં રહેતા કૂતરા.

**૮. રસીકરણ અને નસબંધી માટેની જવાબદારી:-**

(૧) પાલતુ પ્રાણીઓના કિસ્સામાં પ્રાણીના માલિક કૃમિનાશ, રસીકરણ અને નસબંધી માટે જવાબદાર રહેશે.

(૨) શેરીના પશુઓના કિસ્સામાં, સ્થાનિક સત્તાતંત્ર કૃમિનાશ, રસીકરણ અને નસબંધી માટે જવાબદાર રહેશે અને આ નિયમો અનુસાર પશુ જન્મ નિયંત્રણ કાર્યક્રમ હાથ ધરવા માટે બોર્ડ દ્વારા યોગ્ય રીતે માન્યતા પ્રાપ્ત પશુ કલ્યાણ સંસ્થાને સામેલ કરી શકશે.

**૯. દેખરેખ સમિતિઓની રચના અને તેના કાર્યો:-** શેરીના પ્રાણીઓની વસ્તીને નિયંત્રિત કરવા, હડકવા નાબૂદી માટે અને માનવ-પ્રાણી વચ્ચે સંઘર્ષ ઘટાડવા માટે આ નિયમો અનુસાર પશુ જન્મ નિયંત્રણ કાર્યક્રમોના અસરકારક અમલીકરણ માટેની દેખરેખ સમિતિઓની રચના કરવામાં આવશે. નીચે મુજબની દેખરેખ સમિતિઓની રચના કરવામાં આવશે:-

1. કેંદ્ર સરકાર કક્ષાએ વિવિધ હિતધારકો વચ્ચે અને કેંદ્ર સરકાર અને રાજ્ય સરકારો વચ્ચે સંકલન કરવા માટે કૂતરાની વસ્તીના નિયંત્રણ અને હડકવા નાબૂદી માટે એક કેંદ્રીય પશુ જન્મ નિયંત્રણ દેખરેખ અને સંકલન સમિતિની રચના કરવામાં આવશે.
2. સમિતિનું બંધારણ અને તેના કાર્યો અનુસૂચિ-૨ માં આપવામાં આવશે;

3. તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં રાજ્ય અથવા કેન્દ્રશાસિત પ્રદેશ કક્ષાએ રાજ્ય પશુ જન્મ નિયંત્રણ અમલીકરણ અને દેખરેખ સમિતિની રચના કરવામાં આવશે. આ સમિતિ સમગ્ર રાજ્યમાં પશુ જન્મ નિયંત્રણ કાર્યક્રમના અમલીકરણનું વૈજ્ઞાનિક અને તબક્કાવાર સંકલન કરશે અને સમિતિની રચના અને તેના કાર્યો અનુસૂચિ-૨ માં આપવામાં આવશે; અને

4. તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં સ્થાનિક સત્તાતંત્ર કક્ષાએ સ્થાનિક પશુ જન્મ નિયંત્રણ દેખરેખ સમિતિની રચના કરવામાં આવશે અને સમિતિની રચના અને તેના કાર્યો અનુસૂચિ-૨ માં આપવામાં આવશે.

**૧૦. સ્થાનિક સત્તાતંત્રની જવાબદારીઓ:-**

1. સ્થાનિક સત્તાતંત્ર તેમના અધિકારક્ષેત્રમાં દરેક પશુ જન્મ નિયંત્રણ કેન્દ્રમાં નીચે મુજબ સુવિધાઓ ઉપલબ્ધ હોય તે બાબત સુનિશ્ચિત કરશે:-
   (a) સ્થાનિક સત્તાતંત્ર અથવા પશુ કલ્યાણ સંસ્થા દ્વારા સંચાલિત પર્યાપ્ત સંખ્યામાં શ્વાનગૃહો અને પશુ ચિકિત્સા હોસ્પિટલ સુવિધાઓ;
   (b) કૂતરાની સુરક્ષિત સંભાળ અને પરિવહન માટે જરૂરી ફેરફારો સાથેના પૂરતી સંખ્યામાં વાહન;
   (c) જરૂર જણાય ત્યાં અને ઓપરેશન પછીની સંભાળ માટેના શ્વાનગૃહો ઉપલબ્ધ હોય ત્યાં નાના સ્થાનિક તંત્રોને મોબાઈલ સેન્ટર તરીકે આપવા માટે નસબંધી અને રસીકરણ માટે સર્જીકલ માળખાગત સુવિધા ધરાવતું મોબાઈલ ઓપરેશન થિયેટર વાહન;
   (d) સ્થાનિક સત્તાતંત્રએ અંગો અને શબના નિકાલ માટે સ્મશાન-ભઠ્ઠી બનાવવી અને સ્મશાન-ભઠ્ઠી બનાવવી શક્ય ન હોય ત્યાં ઊંડા દાટવાની પદ્ધતિ અપનાવી શકાય.
   (e) પશુ જન્મ નિયંત્રણ કેન્દ્રનું સમયાંતરે સમારકામ અને જાળવણી.
   (f) સમગ્ર સંકુલમાં અને ખાસ કરીને ઓપરેશન થિયેટરમાં અને જે પશુ જન્મ નિયંત્રણ કેન્દ્રમાં પશુઓને રાખવામાં આવતા હોય ત્યાં ક્લોઝ સર્કિટ ટેલિવિઝન રાખવા અને ઓછામાં ઓછા એક મહિના સુધી અથવા બોર્ડ અથવા રાજ્ય બોર્ડ વખતોવખત નક્કી કરે તેવા સમયગાળા સુધી વિડિયો સર્વેલન્સનો રેકર્ડ જાળવવો અને નિરીક્ષણ સતાતંત્ર, દેખરેખ સમિતિ અથવા બોર્ડ દ્વારા તપાસ અથવા માંગણી કરવામાં આવે ત્યારે તે ઉપલબ્ધ કરાવવો.
   (g) પશુ જન્મ નિયંત્રણ કેન્દ્રમાં હંમેશા સ્વચ્છતા અને આરોગ્યપ્રદ સ્થિતિ જાળવવી.
   (h) પશુ જન્મ નિયંત્રણ કેંદ્રમાં લાવવામાં આવેલા તમામ પ્રાણીઓને પકડવા, છોડવા, દવા, શસ્ત્રક્રિયા, ખોરાક, રસીકરણ અંગેનો રેકર્ડ જાળવવો.
2. પશુ કલ્યાણ સંસ્થાની સેવાઓ મેળવવામાં આવી હોય તો સ્થાનિક સત્તાતંત્રએ નિયમિત ધોરણે નસબંધી અથવા રસીકરણના ખર્ચની ભરપાઈ કરવાની રહેશે.
3. સ્થાનિક સત્તાતંત્ર દ્વારા સ્થાનિક પશુ જન્મ નિયંત્રણ સમિતિની રચના કરવાની રહેશે અને પશુ જન્મ નિયંત્રણ કાર્યક્રમના અમલીકરણના સંદર્ભમાં થયેલી પ્રગતિનું મૂલ્યાંકન કરવા માટે દર મહિને ઓછામાં ઓછી એક વખત તેની બેઠકનું આયોજન કરવાનું રહેશે.
4. સ્થાનિક સત્તાધિકારી, પશુ જન્મ નિયંત્રણ કેંદ્ર વિરૂદ્ધ ફરિયાદ મળ્યા પછી આ નિયમોના ઉલ્લંઘનની બાબતમાં તપાસ કરશે અને સ્થાનિક પશુ જન્મ નિયંત્રણ દેખરેખ સમિતિ અથવા બોર્ડની ભલામણના આધારે આવી સંસ્થા સાથેના કોઈપણ જોડાણને સમાપ્ત કરશે અથવા સ્થગિત કરશે.
5. સ્થાનિક સત્તાતંત્ર, ખાસ હેતુ માટેના વાહનો તૈયાર કરીને તેના પોતાના કર્મચારીઓ દ્વારા પશુ જન્મ નિયંત્રણ કાર્યક્રમનો અમલ કરશે અને નિયમ-૩ના પેટા-નિયમ (૬) અનુસાર બોર્ડને તેની જાણ કરશે.
6. ખાસ હેતુ માટેના વાહનો માટે કરાર આધારિત અથવા પૂર્ણકાલિન પશુચિકિત્સકો, હેન્ડલર્સ, ડ્રાઈવર અને ઉપપશુચિકિત્સકની સેવા લેવામાં આવશે અને તેઓ આ કાર્યક્રમનો અમલ કરશે અને તેનાથી પશુ જન્મ નિયંત્રણ પરિયોજનાના કોઈપણ ભાગને અન્ય કોઈપણ એજન્સીને પેટા-ભાડા પર આપી શકાશે નહીં.
7. સ્થાનિક સત્તાતંત્ર દ્વારા એ સુનિશ્ચિત કરવાનું રહેશે કે ખાસ હેતુ માટેના વાહનો માટે રાખવામાં આવેલા કર્મચારીઓને યોગ્ય તાલીમ આપવામાં આવે અને તેઓ આ નિયમોની તમામ શરતોનું પાલન કરે. સ્થાનિક સત્તાતંત્ર દ્વારા નિયુક્ત મોડ્યુલ અને પરિયોજના પ્રભારી આ ખાસ હેતુ માટેના સાધનનો ભાગ બનશે નહીં.

**૧૧. કૂતરા પકડવા અથવા તેની નસબંધી કરવી અથવા તેનું રસીકરણ કરવું અથવા તેને છોડવા:-**

1. નીચેના કારણોસર શેરી કૂતરાઓને પકડવામાં આવશે:-
   (ક) સામાન્ય હેતુ: સ્થાનિક સત્તાતંત્ર, દેખરેખ સમિતિ સાથે પરામર્શ કરીને ચોક્કસ વિસ્તાર અથવા પ્રદેશમાં પશુ જન્મ નિયંત્રણ કાર્યક્રમ દ્વારા શેરી કૂતરાઓની વધારાની વસ્તીને નિયંત્રિત કરવાનો નિર્ણય લેશે.
   (ખ) ચોક્કસ ફરિયાદો: જેના માટે સ્થાનિક સત્તાતંત્ર દેખરેખ સમિતિ સાથેના પરામર્શમાં હડકવાથી પીડાતા હોવાની શંકા હોય તેવા શેરીના કૂતરા દ્વારા કરડવાની માહિતી અથવા ફરિયાદો મેળવવા માટે પશુ જન્મ નિયંત્રણ કેંદ્ર ખાતે પશુ ફરિયાદ સેલની રચના કરશે.
2. કૂતરા પકડતી ટુકડીમાં નીચે મુજબની વ્યક્તિઓનો સમાવેશ થશે: -
   (૧) વાહન ચાલક;
   (૨) સ્થાનિક સત્તાતંત્ર અથવા પશુ કલ્યાણ સંસ્થાના બે અથવા તેથી વધુ એવા પ્રશિક્ષિત કર્મચારીઓ, જેઓને માનવીય રીતે શેરી કૂતરાઓને પકડવાની તાલીમ આપવામાં આવી હોય; અને
   (૩) આ હેતુ માટે નિયુક્ત કરવામાં આવેલા કોઈપણ પ્રાણી કલ્યાણ સંસ્થાના એક પ્રતિનિધિ;
   જોકે, કૂતરા પકડવા માટેની ટુકડીના દરેક સભ્યએ સ્થાનિક સત્તાધિકારી દ્વારા આપવામાં આવેલું ઓળખપત્ર સાથે રાખવાનું રહેશે.

3. સ્થાનિક સત્તાતંત્ર અથવા પશુ કલ્યાણ સંસ્થાના પ્રતિનિધિએ, કોઈપણ વિસ્તારમાં શેરી કૂતરાઓને પકડવામાં આવે તે પહેલાં સ્થાનિક રહેવાસીઓને એવી જાણ કરતી જાહેરાત કરતા બેનરો અથવા જાહેર સૂચનાઓ લગાવવા કે પ્રાણીઓને નસબંધી અને રસીકરણ કરવા માટે તે વિસ્તારમાંથી પકડવામાં આવશે અને નસબંધી અને રસીકરણ કર્યા પછી તે જ વિસ્તારમાં છોડવામાં આવશે.

4. આવી જાહેરાતથી સંબંધિત વિસ્તારના રહેવાસીઓને પશુ જન્મ નિયંત્રણ કાર્યક્રમ વિશે સંક્ષિપ્ત માહિતી મળે છે અને તેના દ્વારા તમામ રહેવાસીઓનો સહયોગ મળી શકે છે અને તેઓને ખાતરી આપી શકાય છે કે સ્થાનિક સત્તાતંત્ર તેઓની સલામતી અને પ્રાણીઓની સલામતી માટે પર્યાપ્ત પગલાં લઈ રહ્યું છે અને દરેક પશુ જન્મ નિયંત્રણ કેંદ્રમાં પણ આવા સઘન પ્રયાસો કરવાના રહેશે.

5. પ્રાણીઓને પકડવા માટે માનવીય પદ્ધતિઓ જેમ કે જાળીથી અથવા હાથથી પકડવા અથવા પ્રાણીઓને ઓછી પરેશાની થાય તેવી અન્ય રીતનો ઉપયોગ કરવાનો રહેશે અને કૂતરાઓને પકડવા માટે સાણસી અથવા વાયરના ઉપયોગ ઉપર સખત પ્રતિબંધ રહેશે.

6. પશુ જન્મ નિયંત્રણ કેન્દ્રમાં રાખી શકાય તેટલી સંખ્યામાં જ પ્રાણીઓને પકડવાના રહેશે.

7. પશુ જન્મ નિયંત્રણ કેન્દ્રમાં કોઇપણ સમયે નસબંધી, રસીકરણ માટે માત્ર એક જ વિસ્તારમાંથી કૂતરાને લાવવાના રહેશે અને અલગ-અલગ વિસ્તારોના કૂતરાઓ સંપર્કમાં ન આવે તેવા પ્રયાસો કરવાના રહેશે.

8. પશુ જન્મ નિયંત્રણ કેંદ્ર ખાતે લાવવામાં આવેલા તમામ કૂતરાઓની ઓળખ માટે તેને તરત જ નંબરવાળા કોલર પહેરાવવાના રહેશે. નસબંધી અને રસીકરણ પછી દરેક કૂતરાને જે વિસ્તારમાંથી પકડવામાં આવ્યા હોય તે જ વિસ્તારમાં છોડવામાં આવે તે સુનિશ્ચિત કરવા માટેની કાર્યવાહી તે નંબર તેને પકડવાના રેકર્ડને અનુરૂપ રહેશે.

9. છ મહિનાથી ઓછી ઉંમરના શેરી કૂતરાઓને નસબંધી કરવા માટે પકડવા નહીં અને બચ્ચાવાળા માદા પ્રાણીઓને તેમના બચ્ચા બે મહિનાના ન થાય ત્યાં સુધી નસબંધી માટે પકડવા નહીં.

10. પકડાયેલા પ્રાણીઓને બોર્ડનું પરિયોજના માન્યતા પ્રમાણપત્ર ધરાવતા અને સ્થાનિક સત્તાતંત્ર અથવા પશુ કલ્યાણ સંસ્થા દ્વારા સંચાલિત પશુ જન્મ નિયંત્રણ કેન્દ્રમાં લાવવાના રહેશે, જ્યાં પશુ ચિકિત્સકો દ્વારા તેમની તપાસ કરવામાં આવશે અને તંદુરસ્ત પ્રાણીઓને બીમાર અથવા ઘાયલ પ્રાણીઓથી અલગ કરવામાં આવશે. પરંતુ, બીમાર કે ઘાયલ પશુને પર્યાપ્ત સારવાર આપવાની રહેશે અને સારવાર લીધેલા પશુઓ સ્વસ્થ થાય તે પછી જ તેની નસબંધી કરવાની રહેશે.

11. કૂતરાને રાખવામાં આવે તે આશ્રયગૃહના દરેક દરવાજા પર સ્પષ્ટ રીતે વિસ્તારનું નામ લખવું અને દરેક કૂતરા માટેનું આશ્રયગૃહ ઓછામાં ઓછું ત્રણ ફૂટ પહોળું, ચાર ફૂટ ઊંડું અને ઓછામાં ઓછા છ ફૂટ ઊંચું હોવું જોઇએ. દરેક કૂતરાને ઓછામાં ઓછી ત્રણ ફૂટ બાય ચાર ફૂટની ભોંયતળીયાની જગ્યા મળે તેવી રીતે ત્રણથી પાંચ કૂતરા માટેના આશ્રયગૃહની જોગવાઇ પણ કરી શકાય.

12. આશ્રયગૃહમાં લોખંડનો ઊભા સળિયાવાળો દરવાજો રાખવો જોઇએ અને પાસે પાસે આવેલા બે સળીયા વચ્ચેનું અંતર બે ઇંચથી વધુ ન હોવું જોઇએ અને પ્રતિકૂળ હવામાનથી રક્ષણ માટે અને કૂતરાને નાસી જતા અટકાવવા માટે ઉપર છાપરું હોવું જોઇએ.

13. આશ્રયગૃહ તૈયાર કરતી વખતે તેમાં પૂરતો હવાઉજાસ મળી રહે તે બાબતની કાળજી લેવી જોઇએ અને આશ્રયગૃહના પાછળના ભાગમાં ઊંચો ભાગ હોવો જોઇએ જ્યાં, કૂતરો આરામથી સૂઈ શકે અને સ્વચ્છતા જળવાય તે માટે તેમાં ગટર વ્યવસ્થા હોવી જોઇએ.

14. એક જ વંશ અથવા સામાજિક જૂથના કૂતરાઓને એક જ આશ્રયગૃહમાં રાખી શકાય છે. નર અને માદા કૂતરાને અલગ રાખવા કૂતરાને શસ્ત્રક્રિયા પહેલા બાર કલાક સુધી ખોરાક કે પાણી વિના ક્વોરેન્ટાઇન કેનલમાં રાખવા જોઇએ.

15. સુસજ્જ ઓપરેશન થિયેટરમાં સ્થાનિક સત્તાતંત્રના અધિકારક્ષેત્રના પશુ ચિકિત્સક અધિકારીઓની દેખરેખ હેઠળ પશુચિકિત્સક દ્વારા નસબંધીની શસ્ત્રક્રિયા અને રસીકરણ થવું જોઇએ અને બોર્ડ દ્વારા મંજૂર થયેલી સર્જીકલ પ્રક્રિયાઓ અને લઘુત્તમ જરૂરિયાતો બોર્ડ દ્વારા આ મોડ્યુલમાં જોગવાઇ કરવામાં આવી હોય તે મુજબ હોવી જોઇએ.

16. નસબંધીની શસ્ત્રક્રિયા દરમિયાન દરેક કૂતરાના જમણા કાન પર 'V' આકારનો કાપો બનાવવાનો રહેશે તેનાથી તે કૂતરાને પાછા શેરીમાં છોડવામાં આવે ત્યારે તેની નસબંધી અને રસીકરણ થયેલું છે તે નક્કી કરી શકાય છે. કૂતરાને ડામ દઇને છાપ ઉપસાવવાની પરવાનગી નથી.

17. શસ્ત્રક્રિયામાંથી સ્વસ્થ થયા પછી શસ્ત્રક્રિયા પછીની સંભાળ માટે ઓછામાં ઓછા ચાર દિવસ સુધી કૂતરાને આશ્રયગૃહમાં રાખવામાં આવશે અને દરેક કૂતરાને દિવસમાં બે વાર પૂરતો અને આરોગ્યપ્રદ ખોરાક અને દરેક સમયે પીવાનું પાણી પૂરું પાડવામાં આવશે. નર અને માદા કૂતરાને અલગ રાખવામાં આવશે.

18. પશુ જન્મ નિયંત્રણ કેંદ્ર પાસે કૂતરાઓને રાખવા માટે અને તેને હરવાફરવા માટેની પૂરતી જગ્યા હોવી જોઇએ અને તે જગ્યા યોગ્ય હવાઊજાસ અને કુદરતી પ્રકાશવાળી હોવી જોઇએ અને તે જગ્યાને સ્વચ્છ રાખવી જરૂરી છે.

19. કૂતરાને જે જગ્યાએથી પકડવામાં આવ્યા હોય તે જગ્યા અથવા વિસ્તારમાં જ છોડવાના રહેશે અને તે સંપૂર્ણ સ્વસ્થ થયા પછી તેને છોડવાની તારીખ, સમય અને સ્થળની નોંધ કરવાની રહેશે અને તેને છોડતી વખતે સ્થાનિક સત્તાતંત્ર અથવા પશુ કલ્યાણ સંસ્થાના પ્રતિનિધિ ટીમની સાથે રહેશે અને કૂતરાને પકડતી વખતે અને છોડતી વખતે કૂતરાના સ્થાનના જીઓ-ટેગિંગ માટે યોગ્ય એપ્લિકેશન પૂરી પાડશે.

20. અમલીકરણ એજન્સીએ પશુઓના જન્મ નિયંત્રણ માટેની શસ્ત્રક્રિયાઓ સુરક્ષિત રીતે અને માનવીય રીતે હાથ ધરવા માટે વખતોવખત મોડ્યુલમાં આપવામાં આવેલી માનક સંચાલન પ્રક્રિયાઓ અંગે બોર્ડ દ્વારા આપવામાં આવેલા નિર્દેશોનું પાલન કરવાનું રહેશે.

**૧૨. જાળવવાના રેકર્ડ્સ:**

સ્થાનિક સત્તાતંત્ર અથવા પશુ કલ્યાણ સંસ્થાના પરિયોજના પ્રભારીએ પશુ જન્મ નિયંત્રણ કેંદ્રમાં નીચે મુજબના રેકર્ડ્સ જાળવવાના રહેશે અને તેને દૈનિક ધોરણે અદ્યતન કરવાના રહેશે.

1. નીચેના બાબતોનો સમાવેશ કરતો પ્રાણીઓનો રેકર્ડ;

I. કૂતરાને પકડવામાં આવ્યા હોય તે સ્થળ અથવા વિસ્તારનું નામ;
II. કૂતરા પકડવાની તારીખ અને સમય;
III. કૂતરા પકડવા માટે જવાબદાર સ્કવોડમાં વ્યક્તિઓના નામ;
IV. પકડાયેલા કૂતરા વિશેની વિગતો - કૂતરાના ટેગ નંબર, નર, માદાની સંખ્યા, રંગ, ઓળખ ચિહ્ન અને અંદાજિત વય;
V. કૂતરાને છોડવાની તારીખ અને સમય; અને
VI. કૂતરાને છોડવામાં આવ્યા હોય તે સ્થળ/વિસ્તારનું નામ.

2. દરેક શ્વાનગૃહ માટે ખોરાકનો રેકર્ડ અને ખોરાકની માલયાદી.
3. દરેક કૂતરા માટે સારવારનો રેકર્ડ.
4. દવા અને રસીની યાદી.
5. મૃત્યુનો રેકર્ડ.
6. સર્જીકલ ઉપકરણો અને તેના જેવા ઉપકરણોની યાદી.
7. કૂતરા માટેના વાહનની લોગબુક.
8. કર્મચારીઓનું હાજરીપત્રક.
9. અંગોની તપાસ અંગેનો રેકર્ડ.
10. છેલ્લા ત્રીસ દિવસના કલોઝ સર્કિટ ટેલિવિઝન ફૂટેજ.

**૧૩. અહેવાલ:**

સ્થાનિક સત્તાતંત્રના પરિયોજના પ્રભારી અથવા આ નિયમો હેઠળ પરિયોજનાની માન્યતા ધરાવતી અને પશુ જન્મ નિયંત્રણ કાર્યક્રમનો અમલ કરતી પશુ કલ્યાણ સંસ્થાના પ્રભારી પશુચિકિત્સકે નીચે મુજબના અહેવાલ રજૂ કરવાના રહેશે:

1. સ્થાનિક પશુ જન્મ નિયંત્રણ દેખરેખ સમિતિને અનુસૂચિ- 3 અને જમાં આપેલા નમૂનામાં નીચેની વિગતો સાથેનો નસબંધી અને રસીકરણ કરવામાં આવેલા શેરીના કૂતરાઓની સંખ્યાનો માસિક પ્રગતિ અહેવાલ રજૂ કરવો:-
   (a) પકડાયેલા શેરી કૂતરાઓની કુલ સંખ્યા;
   (b) નસબંધી કરવામાં આવેલા શેરી કૂતરાઓની કુલ સંખ્યા;
   (c) ફક્ત નિરીક્ષણ માટે રાખવામાં આવેલા શેરી કૂતરાઓની કુલ સંખ્યા;
   (d) શસ્ત્રક્રિયા પહેલાં, દરમિયાન અથવા પછી મૃત્યુ પામેલા કૂતરાઓની કુલ સંખ્યા;
   (e) પરિયોજના સાથે સંકળાયેલા દરેક પશુચિકિત્સકનું નામ તેમજ લાયકાત અને મહિના દરમિયાન દરેક પશુચિકિત્સક દ્વારા નસબંધી કરવામાં આવેલા કૂતરાઓની સંખ્યા;
   (f) દરેક પશુચિકિત્સકનું નામ અને નોંધણી નંબર અને અગાઉના દરેક મહિનામાં તેમના દ્વારા હાથ ધરવામાં આવેલી પશુ જન્મ નિયંત્રણ શસ્ત્રક્રિયાઓની સંખ્યા;
   (g) અનુસૂચિ-3 માં આપવામાં આવેલા ફોર્મમાં દરેક પશુચિકિત્સક દ્વારા હાથ ધરવામાં આવતી શસ્ત્રક્રિયાઓ સામે શસ્ત્રક્રિયા પછીની સમસ્યાઓ અને મૃત્યુદરની સંખ્યા;
2. ૩૧ માર્ચના રોજ પૂરા થતા અગાઉના વર્ષ દરમિયાન પકડાયેલા, નસબંધી અને રસીકરણ કરવામાં આવેલા પશુઓની કુલ સંખ્યા અંગેનો વાર્ષિક અહેવાલ દર વર્ષે ૩૧ મે સુધીમાં રાજ્ય પશુ જન્મ નિયંત્રણ દેખરેખ સમિતિ મારફત બોર્ડ સમક્ષ રજૂ કરવો;
3. બોર્ડ અથવા રાજ્ય બોર્ડને વખતોવખત જરૂરી જણાય તેવી અન્ય માહિતી નિયત નમૂનામાં રજૂ કરવી.

**૧૪. નિરીક્ષણ કરવાની સત્તા:**

1. ફરિયાદ મળ્યા પછી અથવા સમયાંતરે કોઈપણ પશુ જન્મ નિયંત્રણ કેન્દ્રનું નિરીક્ષણ કરવા માટે લેખિતમાં નિરીક્ષણ ટીમને અધિકૃત કરવાની સત્તા બોર્ડ હસ્તક રહેશે:
2. નિરીક્ષણ ટીમ પાસે નીચે મુજબ સત્તા રહેશે –
   (a) આ નિયમોની જોગવાઇઓનું પાલન કરવામાં આવે છે તે સુનિશ્ચિત કરવા માટે સંકુલમાં પ્રવેશ કરવો અને સંકુલના તમામ વિસ્તારોમાં જઇને તમામ પશુઓ, રેકર્ડ્સનું નિરીક્ષણ કરવું.
   (b) ફોટોગ્રાફ લેવા, વિડિયો રેકર્ડ કરવા અને રેકર્ડની નકલો તૈયાર કરવી.
3. આ નિયમો હેઠળ માન્યતા પ્રાપ્ત એકમનું વર્ષમાં ઓછામાં ઓછું એકવાર નિરીક્ષણ કરવાનું રહેશે.
4. નિરીક્ષણ ટીમ બોર્ડ અને રાજ્ય દેખરેખ સમિતિને તેનો અહેવાલ રજૂ કરશે.
5. નિરીક્ષણ ટીમ દ્વારા આવા નિરીક્ષણ કરવા માટે કોઈ પૂર્વ સૂચના આપવામાં આવશે નહીં.

**૧૫. શેરીના કૂતરાઓને શાંતિપૂર્ણ સહજ મૃત્યુ આપવું:**

(૧) સ્થાનિક પશુ નિયંત્રણ દેખરેખ સમિતિ દ્વારા નિયુક્ત કરવામાં આવેલી ટીમ દ્વારા નિદાન કરવામાં આવેલું હોય તેવા અસાધ્ય બીમારીથી પિડાતા અને જીવલેણ ઈજા થઈ હોય તેવા કૂતરાઓને, લાયકાત ધરાવતા પશુ ચિકિત્સક દ્વારા, નિર્દિષ્ટ સમય દરમિયાન, નસમાં સોડિયમ પેન્ટોબાર્બીટલ આપીને અથવા અન્ય કોઈપણ માન્યતા પ્રાપ્ત માનવીય પદ્ધતિથી શાંતિપૂર્વક સહજ મૃત્યુ આપવાનું રહેશે.

1. અધિકારક્ષેત્રના પશુ ચિકિત્સા અધિકારી, પરિયોજના પ્રભારી અને બોર્ડ અથવા રાજ્ય બોર્ડના પ્રતિનિધિનો ટીમમાં સમાવેશ કરવાનો રહેશે.
2. અન્ય કૂતરાની હાજરીમાં કોઈપણ કૂતરાને શાંતિપૂર્વક સહજ મૃત્યુ આપવું નહીં અને શાંતિપૂર્વક સહજ મૃત્યુ આપવા માટે જવાબદાર વ્યક્તિએ નિકાલ કરતા પહેલા પશુનું મૃત્યુ થયું છે તે બાબતની ખાતરી કરવાની રહેશે.
3. ઉપર મુજબની ટીમની સહી સાથેના શાંતિપૂર્વક સહજ મૃત્યુ માટેના કારણો સહિતના શાંતિપૂર્વક સહજ મૃત્યુ માટેના રેકર્ડ જાળવવાના રહેશે.

**૧૬. કૂતરા કરડવાની અથવા હડકાયા કૂતરા સંબંધિત ફરિયાદોનો નિકાલ:**

સ્થાનિક સત્તાતંત્રએ એનિમલ હેલ્પલાઈન શરૂ કરવી. મળેલી ફરિયાદોનો નિકાલ કરવાની જવાબદારી પરિયોજના પ્રભારી અથવા પશુ કલ્યાણ સંસ્થાની રહેશે.

1. આવી ફરિયાદ મળ્યા પછી ફરિયાદીનું નામ, તેનું સરનામું, ફરિયાદની તારીખ અને સમય, ફરિયાદનું સ્વરૂપ વગેરે જેવી વિગતો કાયમી રેકર્ડ જાળવવા માટેના રજિસ્ટરમાં નોંધવાની રહેશે.
2. કૂતરું કરડ્યા પછી સારવાર મેળવી શકાય તે માટે કૂતરા કરડવાની કોઈપણ ઘટનાની જાણ સરકારી મેડિકલ હોસ્પિટલને કરવાની રહેશે.
3. આવા પ્રાણીઓને માનવીય રીતે પકડવાના રહેશે અને પશુ જન્મ નિયંત્રણ કેન્દ્રમાં નિરીક્ષણ માટે રાખવાના રહેશે અને પશુચિકિત્સકની સલાહથી કોઈપણ ચેપી રોગના લક્ષણો ધરાવતા કૂતરાને અલગ આશ્રયગૃહમાં રાખવાના રહેશે અને તેને દરરોજ બે વખત ખોરાક અને પાણી આપવાનું રહેશે.
4. બે વ્યક્તિઓની પેનલ દ્વારા અને સ્થાનિક સત્તાતંત્ર દ્વારા નિયુક્ત કરવામાં આવેલા પશુચિકિત્સા સર્જન અને પશુ કલ્યાણ સંસ્થાના પ્રતિનિધિ દ્વારા હડકવાની શંકા હોય તેવા કૂતરાની તપાસ કરવામાં આવશે.
5. કૂતરાને હડકવા હોવાની સંભાવના વધારે હોય તો તે કુદરતી રીતે મૃત્યુ પામે ત્યાં સુધી તેને અલગ રાખવા. સામાન્ય રીતે હડકવા થયાના દસ દિવસમાં મૃત્યુ થાય છે.
6. કૂતરાને હડકવા નહીં પરંતુ અન્ય કોઈ રોગ હોવાનું જણાય અથવા તે ઉગ્ર સ્વભાવનો હોય તો તેને પશુ કલ્યાણ સંસ્થાને સોંપી દેવાનો રહેશે. આવી સંસ્થા કૂતરાની સારવાર કરીને દસ દિવસ નિરીક્ષણ કર્યા પછી તેને છોડી દેવા માટે જરૂરી પગલાં લેશે.
7. સ્મશાનભઠ્ઠીમાં અથવા જિલ્લા મુખ્ય પશુ ચિકિત્સા અધિકારી દ્વારા નક્કી કરવામાં આવેલી અન્ય કોઈપણ પદ્ધતિ દ્વારા હડકવાથી મૃત્યુ પામ્યા હોવાની શંકા હોય તેવા કૂતરાના શબનો નિકાલ કરવામાં આવશે.
8. પશુ કલ્યાણ સંસ્થા દ્વારા પશુ જન્મ નિયંત્રણ કાર્યક્રમનો અમલ કરવામાં આવી રહ્યો હોય તો સ્થાનિક સત્તાતંત્રએ, સ્થાનિક પશુ જન્મ નિયંત્રણ દેખરેખ સમિતિ દ્વારા નક્કી કરવામાં આવેલા દરે આવા કૂતરાને નિરીક્ષણ હેઠળ રાખવાના અને તેની સારવાર માટેના ખર્ચની ભરપાઈ કરવાની રહેશે.
9. સ્થાનિક સત્તાતંત્રએ, શેરીના કૂતરાઓ અંગે લોકોને જાગૃત કરવા બોર્ડ દ્વારા પૂરી પાડવામાં આવેલી વ્યાપક સામગ્રી શહેરના મુખ્ય સ્થળોએ પ્રદર્શિત કરવાની રહેશે.

**૧૭. અંગોની ગણતરી અને નિકાલ:-**

પશુ જન્મ નિયંત્રણ કેન્દ્રમાં નર અને માદા કૂતરામાંથી દૂર કરવામાં આવેલા પ્રજનન અંગોને ૧૦% ફોર્માલ્ડિહાઇડમાં સંગ્રહિત કરવાના રહેશે.

1. નીચે મુજબના સભ્યો ધરાવતી ટીમ દ્વારા પખવાડિક અથવા માસિક અથવા સ્થાનિક પશુ જન્મ નિયંત્રણ સમિતિ દ્વારા નક્કી કરવામાં આવે તેટલી વખત અંગોની ગણતરી કરવામાં આવશે:
   I. મુખ્ય પશુચિકિત્સા અધિકારી અથવા તેમના દ્વારા અધિકૃત કોઈપણ પશુ ચિકિત્સા અધિકારી;
   II. પરિયોજના પ્રભારી પશુ ચિકિત્સા અધિકારી;
   III. રાજ્ય બોર્ડ અથવા પશુ ક્રૂરતા નિવારણ સોસાયટીના પ્રતિનિધિ;
   IV. કોઈપણ પશુ કલ્યાણ સંસ્થાના પ્રતિનિધિ:

પરંતુ, પશુ જન્મ નિયંત્રણ કાર્યક્રમનો અમલ કરતી પશુ કલ્યાણ સંસ્થા તે અંગ નિરીક્ષણ ટીમનો ભાગ બની શકશે નહીં.

2. અંગોને અલગ-અલગ પ્લાસ્ટિક બોક્સમાં રાખવાના રહેશે અને તેની ઉપર નર અને માદા પ્રજનન અંગોની સંખ્યા અને સર્જરીની તારીખ લખવામાં આવશે.
3. અંગ નિરીક્ષણ ટીમ તમામ અવયવોની ગણતરી કરશે અને તે સમયગાળા માટે અમલીકરણ એજન્સીના પ્રગતિ અહેવાલની ચકાસણી કરશે.
4. ગણતરી કરવામાં આવેલા અવયવોનો તરત જ અંગ નિરીક્ષણ ટીમની હાજરીમાં ટેટૂ ડાઇનો છંટકાવ કરીને અને ઊંડા દાટીને અથવા અગ્નિદાહ આપીને નાશ કરવાનો રહેશે. અંગો ડાઇ કરવાની અને દાટવાની પ્રક્રિયાનું તારીખ અને સમયના સ્ટેમ્પ સાથે વિડિયો રેકોર્ડિંગ અને ફોટોગ્રાફી કરવાની રહેશે.
5. રાજ્ય પશુ જન્મ નિયંત્રણ સમિતિ, નિયમોનું પાલન થાય અને પાલન ન થતું હોય તેવા કિસ્સામાં જરૂરી પગલાં સુનિશ્ચિત કરવા માટે, વર્ષમાં ઓછામાં ઓછા એક વખત દરેક પશુ જન્મ નિયંત્રણ કેન્દ્રની ઓચિંતી તપાસ કરશે.

**૧૮. અપાલનની અસર:**

1. નિયમ 14માં ઉલ્લેખિત અહેવાલને ધ્યાનમાં લીધા પછી જો બોર્ડને એવું જણાય કે આ નિયમો હેઠળની કોઈપણ જોગવાઈઓનું ઉલ્લંઘન કરવામાં આવ્યું છે અથવા પશુ ક્રૂરતા નિવારણ અધિનિયમ, ૧૯૬૦ (૧૯૬૦નો ૫૯)ની જોગવાઈનું અથવા તેની હેઠળ ઘડવામાં આવેલા નિયમોનું ઉલ્લંઘન કરવામાં આવ્યું છે અથવા ક્રૂરતાના કિસ્સામાં, બોર્ડ પંદર દિવસની અંદર જવાબ આપવા માટે પશુ કલ્યાણ સંસ્થા અથવા પશુ જન્મ નિયંત્રણ કેન્દ્ર ચલાવતા સ્થાનિક સત્તાતંત્રને કારણદર્શક નોટિસ આપશે અને આવી સંસ્થાઓએ ૧૫ દિવસમાં તેનો જવાબ આપવાનો રહેશે.
2. પશુ કલ્યાણ સંસ્થા અથવા સ્થાનિક સત્તાતંત્ર તરફથી જવાબ ન મળે તો બોર્ડ લેખિતમાં કારણ જણાવીને તેની માન્યતા સ્થગિત કરી શકશે.
3. બોર્ડ, નિરીક્ષણ અહેવાલ અને કારણદર્શક નોટિસના જવાબના આધારે આ અધિનિયમ હેઠળ પગલાં લેશે અથવા અથવા જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા પશુ ક્રૂરતા નિવારણ માટેની જિલ્લા સોસાયટીને ઉલ્લંઘન કરનાર સામે જે તે સમયે અમલમાં હોય તેવા કાયદા હેઠળ પગલાં લેવાની સૂચના આપશે.
4. આ નિયમોનું ઉલ્લંઘન થયું છે તેવું માનવાનું કારણ હોય તો બોર્ડ પાસે કોઈપણ પશુ કલ્યાણ સંસ્થાની નોંધણી રદ કરવાની સત્તા રહેશે જેથી આવી સંસ્થાને કોઈપણ પશુઓ માટે પશુ જન્મ નિયંત્રણ કાર્યક્રમો હાથ ધરતી અટકાવી શકાય.
5. બોર્ડ દ્વારા અથવા બોર્ડ દ્વારા અધિકૃત કરવામાં આવેલી નિરીક્ષણ ટીમની તપાસમાં સાબિત થાય કે કોઈ પશુ કલ્યાણ સંસ્થા વારંવાર અપરાધ કરે છે અથવા નિયમોના ઉલ્લંઘનનો પ્રકાર ઘૃણાસ્પદ અથવા ગેરરીતિ સંબંધિત છે તો આવી સંસ્થાને કોઈપણ પશુઓ માટે પશુ જન્મ નિયંત્રણ કાર્યક્રમો હાથ ધરતી અટકાવવા માટે બોર્ડ આવી પશુ કલ્યાણ સંસ્થાને બ્લેકલિસ્ટ કરશે.
6. આ નિયમો હેઠળના કોઈપણ ઉલ્લંઘનને આ અધિનિયમ હેઠળ ગુનો ગણવામાં આવશે અને પશુ કલ્યાણ સંસ્થાના પદાધિકારીઓ અથવા સ્થાનિક સત્તાતંત્રના પરિયોજના પ્રભારી પર જે તે સમયે અમલમાં હોય તેવા કાયદા અનુસાર પગલાં લેવામાં આવશે.

**૧૯. ઘરેલું અથવા જંગલી બિલાડીઓની નસબંધી અને રસીકરણ:-**

રાજ્ય બોર્ડની સલાહથી, બિલાડીઓના અંડાશય કાઢી નાખવાની અથવા ખસીકરણ કરવાની તાલીમ અને કૌશલ ધરાવતી અને બિલાડીઓની નસબંધી માટે માન્યતા ધરાવતી પશુ કલ્યાણ સંસ્થા દ્વારા, બોર્ડ દ્વારા પ્રકાશિત કરવામાં આવેલી બિલાડીઓની નસબંધી અને રસીકરણ માટેની માર્ગદર્શિકામાં આપવામાં આવેલી પદ્ધતિ અનુસાર બિલાડીઓની નસબંધી કરવી.

1. બિલાડી જન્મ નિયંત્રણ કાર્યક્રમ માટે માળખાની વ્યવસ્થા અને ખર્ચની ભરપાઈ સ્થાનિક સત્તાતંત્ર દ્વારા કરવાની રહેશે.
2. કૂતરાઓ માની પશુ જન્મ નિયંત્રણ કેંદ્રમાં બિલાડીના નસબંધી કાર્યક્રમો કરી શકાશે પરંતુ બિલાડીઓને કૂતરા સાથે રાખી શકાશે નહીં અથવા કૂતરા સાથે કોઈપણ રીતે સંપર્કમાં ન આવે તે સુનિશ્ચિત કરવાનું રહેશે.
3. બિલાડીઓને શસ્ત્રક્રિયા પછીની સારવાર માટે કૂતરાના અવાજ અથવા ગંધથી બિનજરૂરી તણાવ ન થાય તેવા સ્થળોએ રાખવી જરૂરી છે.

**૨૦. સામુદાયિક પ્રાણીઓને ખોરાક આપવો:-**

1. સંબંધિત વિસ્તારમાં રહેતી અને પશુઓને ખોરાક આપતી અથવા ખોરાક આપવા અને સહાનુભૂતિપૂર્વક શેરી પ્રાણીઓની સંભાળ રાખવા ઇચ્છતી વ્યકિતને સામેલ કરીને સંબંધિત પરિસરમાં અથવા વિસ્તારમાં રહેતા સમુદાયના પ્રાણીઓને ખોરાક આપવા માટે જરૂરી વ્યવસ્થા કરવાની જવાબદારી તે વિસ્તારના નિવાસી કલ્યાણ સંગઠન અથવા એપાર્ટમેન્ટ માલિક સંગઠન અથવા સ્થાનિક તંત્રના પ્રતિનિધિની રહેશે. નિવાસી કલ્યાણ સંગઠન અથવા એપાર્ટમેન્ટ માલિક સંગઠન અથવા સ્થાનિક તંત્રના પ્રતિનિધિએ નીચે મુજબની બાબતો સુનિશ્ચિત કરવાની રહેશે:-

   I. કૂતરાઓની વસ્તી અને તેમના સંબંધિત વિસ્તારોની સંખ્યાને ધ્યાનમાં રાખીને પરસ્પર સંમતિથી ખોરાક આપવા માટેના સ્થળો નક્કી કરવા અને આવા ખોરાક આપવા માટેના સ્થળો બાળકોના રમતના વિસ્તારો, આવક જાવક કરવાના સ્થળો, દાદરથી દૂર હોવા જોઇએ અથવા બાળકો અને વરિષ્ઠ નાગરિકોની અવરજવર સૌથી ઓછી હોય તેવા સ્થળોએ હોવા જોઇએ.
   II. ખોરાક આપવા માટે બાળકો અને વરિષ્ઠ નાગરિકોની અવરજવર સૌથી ઓછી થતી હોય તેવો સમય નક્કી કરવો.
   III. નિયુકત કરવામાં આવેલા ખોરાક આપનાર વ્યકિતએ સુનિશ્ચિત કરવાનું રહેશે કે ખોરાક આપવાના સ્થળે કોઈ કચરો નથી અથવા તે વિસ્તારના નિવાસી કલ્યાણ સંગઠન અથવા એપાર્ટમેન્ટ માલિક સંગઠન દ્વારા ઘડવામાં આવેલી માર્ગદર્શિકાનું ઉલ્લંઘન થતું નથી.
   IV. નિયુકત કરવામાં આવેલા ખોરાક આપનાર વ્યકિત પશુ નિયંત્રણ કાર્યક્રમ હેઠળ કૂતરાઓના રસીકરણ, કૂતરાઓને પકડવા અને છોડવાની કામગીરીમાં સહાય કરી શકશે.

2. નિવાસી કલ્યાણ સંગઠન અથવા એપાર્ટમેન્ટ માલિક સંગઠન અને પશુઓની સંભાળ રાખનાર વ્યકિત અથવા અન્ય રહેવાસીઓ વચ્ચે કોઈ તકરાર હોય તો નીચેના સભ્યોની બનેલી પશુ કલ્યાણ સમિતિની રચના કરવાની રહેશે:
   I. મુખ્ય પશુચિકિત્સા અધિકારી અથવા તેમના પ્રતિનિધિ;
   II. અધિકારક્ષેત્રના પોલીસ પ્રતિનિધિ;
   III. જિલ્લા પશુ ક્રૂરતા નિવારણ મંડળી અથવા રાજ્ય બોર્ડના પ્રતિનિધિ;
   IV. પશુ જન્મ નિયંત્રણ કાર્યક્રમનો અમલ કરતી કોઈપણ માન્યતા પ્રાપ્ત પ્રાણી કલ્યાણ સંસ્થાના પ્રતિનિધિ;
   V. સ્થાનિક સત્તાતંત્ર દ્વારા નિયુકત પશુ ચિકિત્સા અધિકારી;
   VI. ફરિયાદી;
   VII. સંબંધિત વિસ્તારના નિવાસી કલ્યાણ સંગઠન અથવા એપાર્ટમેન્ટ માલિક સંગઠન અથવા સ્થાનિક તંત્રના પ્રતિનિધિ.

3. ખોરાક આપવાના સ્થળ નક્કી કરવા અંગે નિયમ–૨૦ ના પેટા–નિયમ (૨) હેઠળ રચાયેલી સમિતિનો નિર્ણય અંતિમ ગણાશે અને સમિતિ, પશુઓને આપવા માટે બોર્ડ દ્વારા નિયુકત કોલોની કેર ટેકરમાંથી કોઇ વ્યકિતની નિમણૂક પણ કરી શકશે.

**૨૧. અપીલ:**

1. પરિયોજના માન્યતા સમિતિના નિર્ણયથી નારાજ થયેલી પ્રાણી કલ્યાણ સંસ્થા અથવા કોઇપણ વ્યકિત નિર્ણય મળ્યાના ત્રીસ દિવસની અંદર બોર્ડને અપીલ કરી શકશે;
2. બોર્ડના અધ્યક્ષ, ફરિયાદ મળ્યા પછી એક સમિતિની રચના કરશે જેમાં બોર્ડના સભ્યો અને સંબંધિત અધિકારીઓ ફરિયાદની તપાસ કરશે. આ સમિતિ, નોટિસ આપ્યા પછી અને પક્ષકારોને સુનાવણીની તક આપ્યા પછી લેખિતમાં કારણો જણાવીને અપીલનો સ્વીકાર અથવા અસ્વીકાર કરશે.
3. બોર્ડના નિર્ણયથી નારાજ થયેલા કોઇપણ સ્થાનિક સત્તાતંત્ર અથવા પશુ કલ્યાણ સંસ્થા અથવા વ્યકિત બોર્ડ તરફથી નિર્ણયની જાણ થયાના ત્રીસ દિવસની અંદર પશુપાલન વિભાગના સચિવને બીજી અપીલ કરી શકશે.
4. ફરિયાદના સંદર્ભમાં પશુપાલન વિભાગના સચિવનો નિર્ણય અંતિમ ગણાશે.

**૨૨. સ્થાનિક પેટા–કાયદા વગેરેનો અમલ હોય ત્યાં નિયમો લાગુ કરવા:**

1. આ નિયમોમાં જોગવાઇ કરવામાં આવી હોય તેવી બાબતો સંદર્ભે રાજ્ય અથવા સ્થાનિક સત્તાતંત્ર દ્વારા જે તે સમયે કોઇ સ્થાનિક નિયમો, પેટા કાયદા, કોઇપણ અધિનિયમ, વિનિયમો હોય તો એવા નિયમો, વિનિયમો અથવા પેટા–કાયદા:
   (a) આ નિયમોની જોગવાઇઓ કરતાં પ્રાણી માટે ઓછી કષ્ટદાયક જોગવાઇ ધરાવતા હોય તો તે પ્રચલિત રહેશે;
   (b) આ નિયમોની જોગવાઇઓ કરતાં પ્રાણી માટે વધુ કષ્ટદાયક જોગવાઇ ધરાવતા હોય તે અમલમાં રહેશે નહીં.

[આર–૪૪૦૪૮૫/૧૩/૨૦૨૨–ડીએડીએફ વિભાગ]
ડૉ. ઓ.પી. ચૌધરી, સંયુકત સચિવ.

અનુસૂચિ-૧
[જુઓ નિયમ ૬(૩)]

૧. ફોર્મ-૧

## પશુ જન્મ નિયંત્રણ કેંદ્રની મંજૂરી મેળવવા માટેનું અરજીપત્રક

ભાગ-૧

| | | |
|---|---|---|
| ૧. | સંસ્થાની વિગતો | |
| ક | સંસ્થાનું નામ | |
| ખ | સંસ્થાનું સરનામું અને પીનકોડ નં. | |
| ગ | ટેલિફોન નંબર અને એસટીડી કોડ અને મોબાઇલ નંબર (વોટ્સએપ નંબર) | |
| ઘ | ઈ-મેઈલ નંબર | |
| ચ | સંસ્થાનો PAN નંબર | |
| છ | સ્થાપના વર્ષ | |
| ૨. | પશુ આશ્રયગૃહ / દવાખાનાની વિગતો | |

| ક્રમ | આશ્રયગૃહ / દવાખાનાનું સરનામું | શેડની સંખ્યા | શેડનું ક્ષેત્રફળ | નાના પશુઓની સંખ્યા | મોટા પશુઓની સંખ્યા | પ્રકાર (આશ્રયગૃહ/ દવાખાનું) |
|---|---|---|---|---|---|---|
| ૧ | | | | | | |
| ૨ | | | | | | |

૩. પદાધિકારી/ સંચાલક મંડળ/ વ્યવસ્થાપક સમિતિની વિગતો

| નામ | હોદ્દો | સરનામું | ટેલિફોન નંબર/ મોબાઇલ નંબર (વોટ્સએપ નંબર) | ઇ-મેઇલ નંબર | આધાર નંબર |
|---|---|---|---|---|---|
| | | | | | |
| | | | | | |
| | | | | | |

| | | |
|---|---|---|
| ૪. | મંડળી નોંધણી અધિનિયમ/ ભારતીય ટ્રસ્ટ અધિનિયમ, સહકારી મંડળી અધિનિયમ, વગેરે હેઠળ નોંધણી નંબર અને વર્ષ. | |
| ૫. | 'નીતિ' આયોગ એનજીઓ પોર્ટલ પર નોંધણીની વિગતો- તારીખ અને વિશિષ્ટ ઓળખ નંબર (ફોટોકોપી જોડવી) (ફરજિયાત) | |
| ૬. | મંડળનો ઉદ્દેશ-પત્ર, સંસ્થાના પેટા કાયદા/ બંધારણ (નોટરી પબ્લિક દ્વારા યોગ્ય રીતે પ્રમાણિત મંડળના ઉદ્દેશપત્રની સુધારા (જો હોય તો) સાથેની નકલ જોડવી.) | |
| ૭. | વિદેશી ફાળા નિયમન અધિનિયમ હેઠળ નોંધણીની વિગતો-નોંધણી નંબર અને તારીખ (નોંધણી પ્રમાણપત્રની નકલ જોડવી) | |
| ૮. | આવકવેરા કાયદા હેઠળ 80G મુક્તિની વિગતો, જો કોઇ હોય તો (નંબર, તારીખ અને જોડાણ) | |
| ૯. | આવકના સ્રોતની વિગતો (રાજ્ય સરકાર, કેન્દ્ર સરકાર, વિદેશી એજન્સીઓ અને અન્ય સ્રોતોમાંથી મળતું અનુદાન) | |
| | રાજ્ય સરકાર તરફથી | |
| | કેંદ્ર સરકાર તરફથી (AWBI સિવાય) | |
| | દાનમાંથી | |
| | વિદેશી એજન્સીઓ તરફથી | |
| | અન્ય સ્રોતોમાંથી | |
| | કુલ | |
| ૧૦(૧) | સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ | |

| | | પ્રવૃત્તિ | ખર્ચની ટકાવારી |
|---|---|---|---|
| ૧૦(૨) | છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન થયેલા ખર્ચની ટકાવારી સાથેની સંસ્થાની પ્રવૃત્તિઓ | રખડતા ઢોર/મોટા પ્રાણીઓને આશ્રય આપવો | |
| | | રખડતા કૂતરા અને અન્ય નાના પ્રાણીઓને આશ્રય આપવો | |
| | | પશુ જન્મ નિયંત્રણ કાર્યક્રમ | |
| | | દવાખાનું/ સારવાર | |
| | | એમ્બ્યુલન્સ સેવાઓ / મોબાઇલ પશુ દવાખાનુ | |
| | | પ્રાણીઓનો બચાવ/પુનર્વસન | |
| | | પશુ કલ્યાણ માટે જાગૃતિ/તાલીમ | |
| | | પ્રાણીઓ પ્રત્યેની ક્રૂરતા સામે નોંધાયેલા કાનૂની કેસ | |

| | |
|---|---|
| ૧૦(૩) | ધ્યેય અને ઉદ્દેશો અનુસાર અન્ય પ્રવૃત્તિઓ |

| ક્રમ | પ્રવૃત્તિ | ખર્ચની ટકાવારી |
|---|---|---|
| ૧ | | |
| | | |

**૧૧.** વર્ષ દરમિયાન આશ્રય/સારવાર/બચાવ કરવામાં આવેલા પશુઓની સંખ્યાની વિગતો

(૧) વર્ષ દરમિયાન બચાવવામાં આવેલા પશુઓની સંખ્યા

(૨) પાછલા એક વર્ષમાં સંસ્થા દ્વારા સારવાર કરવામાં આવેલા પશુઓની સંખ્યા
નોંધ: સંસ્થા દ્વારા નિભાવવામાં આવતા પશુ સારવાર રજિસ્ટરમાંથી ખરાઇ કર્યા અનુસાર

| તેઓના આંતરિક દવાખાના/ હોસ્પિટલમાં | સ્થળે બિમાર અને ઘાયલ પશુ | તબીબી શિબિરમાં | મોબાઇલ ક્લિનિક દ્વારા | કુલ |
|---|---|---|---|---|
| | | | | |

| | | |
|---|---|---|
| (૩) | આશ્રય આપવામાં આવેલા પશુની સામાન્ય આરોગ્ય સ્થિતિ (સંબંધિત દસ્તાવેજ જોડવો) | |
| (૪) | અધિકારક્ષેત્રના પશુ ચિકિત્સા અધિકારી દ્વારા પશુ ખરાઇ પ્રમાણપત્ર (પ્રમાણપત્રની નકલ જોડવી) | |

**૧૨.** ઉપલબ્ધ દવાખાના/ તબીબી સુવિધાની વિગતો

| દવાખાનું તબીબી સુવિધાનું સરનામું | ઓ.ટી. (ઉપલબ્ધ છે/ ઉપલબ્ધ નથી) | તબીબી ઉપકરણો | જોડવાની વિગતો |
|---|---|---|---|
| | | | |

**૧૩.** એમ્બ્યુલન્સ/ ટ્રેક્ટર ટ્રોલી ઉપલબ્ધ છે? જો હા તો,

| ક્રમ | વાહનનું મોડેલ | ખરીદીની તારીખ | કિ.મી. | ખરીદીની કિંમત | ઉપયોગનો હેતુ | લોગબુક |
|---|---|---|---|---|---|---|
| ૧ | | | | | | |
| ૨ | | | | | | |

| | | |
|---|---|---|
| ૧૪. | સંસ્થા કોઈ દાવામાં સામેલ છે? હા હોય તો તેની તાજેતરની સ્થિતિ અને તેનાથી સંસ્થાના કામકાજ પર કેવી અસર પડી તેની વિગતો. | |

**૧૫.** સંસ્થા/ આશ્રયગૃહના કર્મચારીઓની વિગતો

| કર્મચારીનું નામ | વય | આધાર નં. | પગાર | શિક્ષણ | હોદ્દો | પ્રકાર (અંશકાલિક/ પૂર્ણકાલિન) |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |

| | | |
|---|---|---|
| ૧૬. | છેલ્લા વર્ષ દરમિયાન પી.સી.એ. અધિનિયમ હેઠળ નોંધાયેલા કોર્ટ કેસની સંખ્યા | |
| ૧૭. | છેલ્લા વર્ષ દરમિયાન પી.સી.એ. અધિનિયમ હેઠળ નોંધાયેલી એફ.આઇ.આર.ની સંખ્યા | |
| ૧૮. | વ્યવસ્થાપન સમિતિની બેઠકોની સમયગાળો (છેલ્લા એક વર્ષની પશુ કલ્યાણ પ્રવૃત્તિઓ માટે અપનાવવામાં આવેલા ઠરાવની નકલો જોડવી) | |
| ૧૯. | છેલ્લા ત્રણ વર્ષના પ્રવૃત્તિ અહેવાલ / વાર્ષિક અહેવાલની નકલ, જો હોય તો | |
| ૨૦. | સરવૈયું અને આવક અને ખર્ચના પત્રક સહિત વાર્ષિક ઓડિટેડ હિસાબોની નકલ, જો હોય તો | |

**૨૧.** સંસ્થાના બેંક ખાતાની વિગતો

| બેંકનું નામ | શાખાનું સરનામું | આઇએફએસસી | ખાતા નં. | ખાતાધારકનું નામ |
|---|---|---|---|---|
| | | | | |

ભાગ–૨

**૨૨.** પશુ જન્મ નિયંત્રણ કેંદ્રની વિગતો

| કેંદ્રનું નામ | કેંદ્રનું |
|---|---|
| | |

**૨૩.** ચાલુ વર્ષમાં નસબંધી અથવા લક્ષ્યાંકિત અને રસીકરણ કરવાના પશુઓની સૂચિત સંખ્યા

(૧)

| નર કૂતરા | માદા કૂતરા | કુલ |
|---|---|---|
| | | |

| | | |
|---|---|---|
| (૨) | આ હેતુ માટે થનારો કુલ ખર્ચ | |

| | |
|---|---|
| ૨૪. | આ હેતુ માટે અન્ય એજન્સી/ સરકાર/ વિભાગ તરફથી મળેલા અનુદાન/ ખર્ચ–ભરપાઈની વિગતો |

| ક્રમ | રકમ | કોના તરફથી મળી | વર્ષ |
|---|---|---|---|
| | | | |
| | | | |

| | |
|---|---|
| ૨૫. | છેલ્લા પાંચ વર્ષમાં કરવામાં આવેલા પશુ જન્મ નિયંત્રણ ઓપરેશનની વિગતો (વર્ષ અનુસાર વિગતો) |

| ક્રમ | કૂતરો | કૂતરી | કુલ | વર્ષ |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |

| | | |
|---|---|---|
| ૨૬. | સૂચિત યોજનાના અમલીકરણ માટે સંસ્થા પાસે ઉપલબ્ધ માળખું/ સુવિધાની વિગતો | |
| (ક) | શું તમારી પાસે ઓપરેશન થિયેટર સાથેનું દવાખાનું છે? | હા/ના |
| (ખ) | ઉપલબ્ધ ઓટોક્લેવ્સની સંખ્યા | |
| (ગ) | દવાઓ અને સાધનો માટે સંગ્રહ સ્થળ ઉપલબ્ધ છે? | |
| (ઘ) | કૂતરાઓને પકડવાની રીત | |
| (ચ) | શું તમારી પાસે તમારા પોતાના કૂતરા પકડનારા છે, જો ન હોય તો કૂતરાને પકડનાર અને છોડનાર એજન્સીનું નામ | |
| (છ) | પ્રશિક્ષિત પશુ વ્યવસ્થાપકની સંખ્યા | |
| (જ) | પશુ જન્મ નિયંત્રણ કાર્યક્રમ હાથ ધરવા માટે માસિક ક્ષમતા | |
| (ઝ) | આશ્રયગૃહોની સંખ્યા અને માપ/ સુવિધાઓની વિગતો | |

| | |
|---|---|
| આશ્રયગૃહોની સંખ્યા | |
| ક્ષેત્રફળ | |

| | | |
|---|---|---|
| (ટ) | ઓપરેશન થિયેટર અને અન્ય સુવિધાની વિગતો | |
| | a. ઓપરેશન પૂર્વે તૈયારીમાટેની જગ્યા | ઉપલબ્ધ છે/ ઉપલબ્ધ નથી |
| | b. ઓપરેશન થિયેટરમાં એર કન્ડીશનીંગ | ઉપલબ્ધ છે/ ઉપલબ્ધ નથી |
| | c. નસબંધી કરવામાં આવેલા કૂતરાને ઓળખવાની પદ્ધતિ (દા.ત. કાનમાં નિશાની) | |
| | d. ગટર વ્યવસ્થા | ઉપલબ્ધ છે/ ઉપલબ્ધ નથી |
| | e. ઉપકરણોની સફાઈ અને જંતુમુક્ત કરવા માટેનો રૂમ/ જગ્યા | ઉપલબ્ધ છે/ ઉપલબ્ધ નથી |
| | f. ઉપલબ્ધ સર્જીકલ સાધનોની સંખ્યા | |
| | g. મૂળભૂત ઉપકરણોની સંખ્યા | |
| | કોટરી મશીન | |
| | ઓ.ટી. ટેબલ | |
| | સ્ટ્રેચર | |
| | ઓટોકલેવ | |
| | રેફ્રિજરેટર | |
| ૨૭. | શું નગરપાલિકા / મહાનગરપાલિકા /AWO સાથે એમઓયુ કર્યા છે? (જો હા, તો એમઓયુની નકલ જોડવી) | હા/ના |
| ૨૮. | વર્ષ દરમિયાન તમારા વિસ્તારમાં કૂતરાની વસ્તી અંગેની મોજણી કરવામાં આવી છે? જો હા તો અહેવાલ જોડવો. | હા/ના |
| ૨૯. | આ પરિયોજનામાં અન્ય AWO સાથે સંકલનની વિગતો | |

| ક્રમ | AWOનું નામ અને સરનામું |
|---|---|
| | |
| | |

| | |
|---|---|
| ૩૦. | દેખરેખ નિયંત્રણ સમિતિની વિગતો |

| ક્રમ | સમિતિના સભ્યોનું નામ અને સરનામું |
|---|---|
| | |
| | |

| | | |
|---|---|---|
| ૩૧. | વિશેષ માહિતી ( હોય તો) | |

એકરારનામું

હું સત્યનિષ્ઠાપૂર્વક એકરાર કરું છું કે મારા દ્વારા આપવામાં આવેલી ઉપરોક્ત માહિતી અને દસ્તાવેજો મારી પૂરેપૂરી જાણ અને માન્યતા પ્રમાણે સાચા અને ખરા છે અને ફોર્મમાં કોઈપણ હકીકત છુપાવવામાં આવી નથી.

સહી અને મહોર (અધિકૃત હસ્તાક્ષર)
સંસ્થાના સંચાલક મંડળ માટે અને વતી

નામ:
હોદ્દો:
નોંધ:

દસ્તાવેજો પ્રાદેશિક ભાષામાં છે, રજૂ કરતી વખતે તેનું હિન્દી અથવા અંગ્રેજીમાં ભાષાંતર કરવું.

૩. ફોર્મ II
પરિયોજના માન્યતા પ્રમાણપત્ર
૪. ફોર્મ IV
ફોર્મ – I ના ભાગ – II મુજબ પરિયોજના માન્યતાનું નવીકરણ
૫. ફોર્મ V
પરિયોજના માન્યતા પ્રમાણપત્રનું નવીકરણ

અનુસૂચિ-૨
[જુઓ નિયમ ૯(૨), (૩), (૪) અને નિયમ ૧૩]

દેખરેખ સમિતિની રચના:

**૧. કેન્દ્રીય દેખરેખ અને સંકલન સમિતિ:**
કેન્દ્રીય દેખરેખ અને સંકલન સમિતિમાં નીચે મુજબના સભ્યો રહેશે:

(a) પશુ ક્રૂરતા નિવારણ અધિનિયમ, ૧૯૬૦નો અમલ કરતા વહીવટી મંત્રાલયના સચિવ કેન્દ્રીય સંકલન સમિતિના અધ્યક્ષ રહેશે.
(b) મત્સ્યોદ્યોગ, પશુપાલન અને ડેરી મંત્રાલયના પશુપાલન, ડેરી અને મત્સ્યોદ્યોગ વિભાગના પશુપાલન કમિશનર
(c) ભારત સરકારના શહેરી વિકાસ મંત્રાલયના સંયુક્ત સચિવ અથવા સમકક્ષ અધિકારી
(d) ભારત સરકારના પંચાયતી રાજ વિભાગ મંત્રાલયના સંયુક્ત સચિવ અથવા સમકક્ષ અધિકારી
(e) અધ્યક્ષ, ભારતીય પશુ કલ્યાણ બોર્ડ
(f) અધ્યક્ષ, ભારતીય પશુ ચિકિત્સા પરિષદ
(g) પ્રમુખ, ભારતીય પશુ ચિકિત્સા સંગઠન
(h) સંયુક્ત સચિવ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય
(i) રાજ્યમાં પશુ જન્મ નિયંત્રણ સંકલનમાં સક્રિય હોય તેવા અગ્રણી રાજ્ય પશુ કલ્યાણ બોર્ડના બે પ્રતિનિધિઓ
(j) પશુ ક્રૂરતા નિવારણ અધિનિયમ, ૧૯૬૦નો અમલ કરતા વહીવટી મંત્રાલયના સંયુક્ત સચિવ કક્ષાના અધિકારી કેન્દ્રીય દેખરેખ અને સંકલન સમિતિના સભ્ય સચિવ રહેશે.

**કેન્દ્રીય દેખરેખ અને સંકલન સમિતિના કાર્યો: કેન્દ્રીય દેખરેખ અને સંકલન સમિતિ નીચે મુજબની કામગીરી કરશે:**

i. પશુ જન્મ નિયંત્રણ નિયમોના યોગ્ય અમલીકરણ પર દેખરેખ રાખવી.
ii. પશુ જન્મ નિયંત્રણ કાર્યક્રમને પ્રોત્સાહન આપવું અને રાજ્યોમાં પશુ જન્મ નિયંત્રણ માટે અંદાજપત્રીય જોગવાઈની વ્યવસ્થા કરવી.
iii. મંત્રાલયો વચ્ચેના સંકલનને સરળ બનાવવું અને પશુ જન્મ નિયંત્રણ સંબંધિત પ્રશ્નોનું નિરાકરણ પણ કરવું.
iv. પશુ જન્મ નિયંત્રણ કાર્યક્રમ માટે જરૂરી નીતિગત દરમિયાનગીરી સંબંધિત બાબત.
v. પશુ જન્મ નિયંત્રણ કાર્યક્રમ સંબંધિત અન્ય કોઈપણ બાબત.
vi. પશુ કલ્યાણ સંસ્થાની માન્યતા રદ કરવાના સંબંધિત ફરિયાદો સાંભળવી અને યથાપ્રસંગ બોર્ડને જરૂરી નિર્દેશ અથવા આદેશ આપવો.
vii. શેરીના કૂતરાઓના નિયંત્રણ અને વ્યવસ્થાપન, રસીઓ બનાવવી અને નસબંધી, રસીકરણ વગેરેની કરકસરયુક્ત પદ્ધતિઓને લગતા સંશોધનના ક્ષેત્રમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ થતા વિકાસ પર નજર રાખવી.

સમિતિની બેઠકઃ કેન્દ્રીય દેખરેખ અને સંકલન સમિતિની બેઠક છ મહિનામાં એકવાર અથવા જ્યારે જરૂર જણાય ત્યારે મળશે.

**૨. રાજ્ય અમલીકરણ અને દેખરેખ સમિતિ:**

પશુ જન્મ નિયંત્રણ કાર્યક્રમ હાથ ધરવા ઇચ્છતા રાજ્યોએ રાજ્ય અમલીકરણ અને દેખરેખ સમિતિની રચના કરવાની રહેશે. આ સમિતિમાં નીચે મુજબના સભ્યો રહેશે.

(a) શહેરી વિકાસ વિભાગના પ્રભારી સચિવ અથવા રાજ્ય અથવા કેન્દ્રશાસિત પ્રદેશમાં સમકક્ષ હોદ્દો ધરાવતી વ્યક્તિ રાજ્ય દેખરેખ અને અમલીકરણ સમિતિના અધ્યક્ષ રહેશે.
(b) નિયામક, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
(c) નિયામક, પંચાયતી રાજ વિભાગ
(d) નિયામક, શહેરી વિકાસ વિભાગ (અથવા સમકક્ષ)
(e) ભારતના પશુ કલ્યાણ બોર્ડના બે પ્રતિનિધિઓ
(f) રાજ્ય પશુ કલ્યાણ બોર્ડના બે પ્રતિનિધિઓ
(g) ભારતીય પશુ ચિકિત્સા સંગઠનના રાજ્ય પ્રભાગના પ્રતિનિધિ
(h) પ્રમુખ, સંબંધિત રાજ્યની રાજ્ય પશુ ચિકિત્સા પરિષદ.
(i) ઓછામાં ઓછી બે મહાનગરપાલિકાના વહીવટી વડાઓ, અને ઓછામાં ઓછી બે પંચાયતોના પ્રતિનિધિઓ, અને રાજ્ય અથવા કેન્દ્રશાસિત પ્રદેશની ઓછામાં ઓછી બે નગર પરિષદોના પ્રતિનિધિઓ.
(j) રાજ્ય પશુ કલ્યાણ બોર્ડના પ્રભારી અધિકારી સભ્ય સચિવ તેમજ દરેક રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશમાં કાર્યક્રમના અમલીકરણ માટેના નોડલ અધિકારી રહેશે.

**નોંધ:** બોર્ડ અથવા રાજ્ય બોર્ડના કોઈપણ પ્રતિનિધિએ અમલીકરણ એજન્સી તરીકે પશુ જન્મ નિયંત્રણ કાર્યક્રમમાં સીધી રીતે સામેલ થવું જોઈએ નહીં.

**રાજ્ય દેખરેખ અને અમલીકરણ સમિતિના કાર્યો:**-રાજ્ય દેખરેખ અને અમલીકરણ સમિતિઓ નીચે મુજબની કામગીરી કરવા માટે જવાબદાર રહેશે:

i. પશુ જન્મ નિયંત્રણ નિયમો દ્વારા જરૂરિયાત પ્રમાણે સ્થાનિક સત્તાતંત્ર કક્ષાએ પશુ જન્મ નિયંત્રણ દેખરેખ સમિતિઓની રચના કરવી.

ii. જિલ્લા અનુસાર સર્વગ્રાહી યોજના તૈયાર કરવી (સમગ્ર રાજ્યમાં શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં કૂતરાઓની વસ્તીના વ્યવસ્થાપન માટે માળખું, બજેટ વગેરે સહિત)

iii. જિલ્લા અને રાજ્ય યોજના મુજબ પશુ જન્મ નિયંત્રણ કાર્યક્રમ હાથ ધરવા માટે ભારતીય પશુ કલ્યાણ બોર્ડ દ્વારા માન્યતા મેળવેલી હોય અને જરૂરી તાલીમ અને અનુભવ ધરાવતી હોય તેવી પશુ જન્મ નિયંત્રણ અમલીકરણ એજન્સીઓની નોંધણી કરવી. આમાં ભારતના પશુ કલ્યાણ બોર્ડના પરામર્શમાં અને તેના તકનિકી માર્ગદર્શન હેઠળ કામ કરતા રાજ્યના પશુપાલન વિભાગનો સમાવેશ થાય છે.

iv. જરૂરી માળખું તૈયાર હોય અને સ્થાનિક સત્તાતંત્ર તરફથી અન્ય મૂડી ખર્ચ (એમ્બ્યુલન્સ અને ઉપકરણો સાથેની સંપૂર્ણ સજ્જ હોય તેવી પ્રાણી જન્મ નિયંત્રણ સુવિધાઓ/પરિસર વગેરે), અને પશુ જન્મ નિયંત્રણ કાર્યક્રમ સફળતાપૂર્વક હાથ ધરવા માટે અન્ય તમામ ખર્ચ સહિત માનવબળ માટેનું ખર્ચ પશુ જન્મ નિયંત્રણ અમલીકરણ એજન્સીઓને ઉપલબ્ધ કરાવવામાં આવે અને પશુ જન્મ નિયંત્રણ નિયમોના નિયમ-૬ અનુસાર જરૂરિયાત મુજબ સમયસર વળતર આપવામાં આવે તે સુનિશ્ચિત કરવું.

v. સ્થાનિક સત્તાતંત્ર દ્વારા રાજ્યમાં પશુ જન્મ નિયંત્રણ કાર્યક્રમની એકંદર દેખરેખ માટે જવાબદાર.

રાજ્ય દેખરેખ સમિતિ, પશુ જન્મ નિયંત્રણ કાર્યક્રમ દરમિયાન પશુ જન્મ નિયંત્રણ અને પશુઓ પ્રત્યે ક્રૂરતા અને પશુ જન્મ નિયંત્રણ નિયમોના ઉલ્લંઘન અંગેની કોઈપણ ફરિયાદ મળ્યા પછી નિરીક્ષણ હાથ ધરશે અને યોગ્ય પગલાં લેશે.

**સમિતિની બેઠકઃ**– દર ત્રણ મહિનામાં એક વાર અથવા જ્યારે જરૂર જણાય ત્યારે સમિતિની બેઠકનું આયોજન કરવાનું રહેશે.

**૩. સ્થાનિક પશુ જન્મ નિયંત્રણ મોનીટરીંગ કમિટીની રચનાઃ**

સ્થાનિક પશુ જન્મ નિયંત્રણ દેખરેખ સમિતિની રચના કર્યા વગર કોઈપણ પશુ જન્મ નિયંત્રણ કાર્યક્રમ હાથ ધરવામાં આવશે નહી. પશુ જન્મ નિયંત્રણ કાર્યક્રમની સફળતા માટે પશુ જન્મ નિયંત્રણ નિયમો અનુસાર સ્થાનિક સ્તરે પશુ જન્મ નિયંત્રણ દેખરેખ સમિતિની રચના કરવી અનિવાર્ય છે. આ સમિતિના સભ્યો નીચે મુજબ રહેશે.

(a) મ્યુનિસિપલ કમિશનર અથવા સ્થાનિક સત્તાતંત્રના વહીવટી અધિકારી હોદ્દાની રૂએ આ સમિતિના અધ્યક્ષ રહેશે.
(b) જિલ્લાના જાહેર આરોગ્ય વિભાગના પ્રતિનિધિ.
(c) નજીકના તાલુકા અથવા જિલ્લાના પશુપાલન વિભાગના પ્રતિનિધિ.
(d) અધિકારક્ષેત્રના એક પશુ ચિકિત્સક
(e) જિલ્લા પશુ ક્રૂરતા નિવારણ સોસાયટીના એક પ્રતિનિધિ

**સમિતિના કાર્યોઃ**– આ સમિતિ આ નિયમો અનુસાર કૂતરાઓના નિયંત્રણ કાર્યક્રમના આયોજન અને વ્યવસ્થાપન માટે જવાબદાર રહેશે. સમિતિની કામગીરી નીચે પ્રમાણે રહેશે:

I. નસબંધી કરવામાં આવી હોય, રસીકરણ કરવામાં આવ્યું હોય અથવા સારવાર આપવામાં આવી હોય તેવા કૂતરાને પકડવા, પરિવહન કરવા, આશ્રય આપવા, નસબંધી, રસીકરણ, સારવાર આપવા અને છોડવા માટેની સૂચનાઓ આપવી.

II. ગંભીર રીતે બીમાર અથવા જીવલેણ ઈજા ધરાવતા અથવા હડકવા ધરાવતા કૂતરાઓને સોડિયમ પેન્ટાથોલનો ઉપયોગ કરીને પીડારહિત પદ્ધતિથી મૃત્યુ આપવાની જરૂરિયાત અંગે દરેક કેસમાં નિર્ણય લેવા માટે પશુ ચિકિત્સકને અધિકૃત કરવા. અન્ય કોઈપણ પદ્ધતિ ઉપર સંપૂર્ણ પ્રતિબંધ છે. બે પશુ ચિકિત્સા અધિકારીઓ અને માન્ય પશુ કલ્યાણ સંસ્થાના પ્રતિનિધિની બનેલી પેટા સમિતિ દ્વારા નિર્ણય લેવાનો રહેશે. પેટા સમિતિ દરેક પ્રાણીને ઈચ્છામૃત્યુ આપવા માટેના કારણો લેખિતમાં જણાવશે.

III. જનજાગૃતિ ઊભી કરવી અને સહકાર અને ભંડોળ મેળવવું.

IV. પાલતુ કૂતરાના માલિકો અને વ્યવસાયિક સંવર્ધકોને વખતોવખત માર્ગદર્શક સૂચના આપવી.

V. કૂતરા કરડવાના કેસ, કૂતરા કરડવાના કારણો, સંબંધિત વિસ્તાર અને રખડતા અથવા પાલતુ કૂતરા કરડવાના કેસ પર દેખરેખ રાખવા માટે પગલાં લેવા. આ હેતુ માટે માનવ હોસ્પિટલ પાસેથી જરૂરી નમૂનામાં વિગતો મેળવવી.

VI. AWBI દ્વારા સૂચવવામાં આવેલી પદ્ધતિથી વસ્તી ગણતરી કરીને તેના વિસ્તારની મર્યાદામાં કૂતરાઓની સંખ્યાનો અંદાજ મેળવવો.

VII. કૂતરાની અંદાજિત સંખ્યા માટે પશુ જન્મ નિયંત્રણ કાર્યક્રમનો અમલ કરવા માટે જરૂરી માળખાકીય સુવિધાઓ વિકસાવવી. તેના માટે વિગતવાર પરિયોજના અહેવાલ તૈયાર કરવાનો રહેશે અને રાજ્ય સરકાર સાથે સંકલન કરીને રાજ્ય દેખરેખ અને અમલીકરણ સમિતિ સમક્ષ રજૂ કરવાનો રહેશે.

VIII. નવા વિસ્તારમાં કામગીરી હાથ ધરવામાં આવે તે પહેલા નક્કી કરેલા વિસ્તારમાં ઓછામાં ઓછા ૭૦% કૂતરા માટે તબક્કાવાર વિસ્તાર પ્રમાણે પશુ જન્મ નિયંત્રણ કાર્યક્રમ હાથ ધરવામાં આવે તે રીતે માળખું તૈયાર કરવાનું રહેશે. આ માળખામાં ઓપરેશન પહેલાની તૈયારી માટેની જગ્યા, ઓપરેશન થિયેટર, ઓપરેશન પછીની સંભાળ, આશ્રયગૃહ, રસોડું, રાશન અને દવાઓ રાખવા માટેના સ્ટોર રૂમ, પાર્કિંગ એરિયા, પશુચિકિત્સકો અને સહાયકો માટે આવાસ, ક્વોરેન્ટાઈન વોર્ડ, એમ્બ્યુલન્સ વગેરેનો સમાવેશ કરવાનો રહેશે.

અનુસૂચિ-૩

[જુઓ નિયમ ૧૩]

પશુ જન્મ નિયંત્રણ કાર્યક્રમનો પ્રગતિ અહેવાલ

તારીખ: ડિસ્પેચ નંબર:

મહિનો/વર્ષ:

PIA નું નામ*:

સ્થાનિક સંસ્થાનું નામ:

ABC સેન્ટરનું સરનામું:

| ક્રમ | પશુ ચિકિત્સક – તબીબનું નામ | લાયકાત | નોંધણી ક્રમાંક | નોંધણી સત્તાતંત્ર | અગાઉના મહિનામાં કરવામાં આવેલી સર્જરીની સંખ્યા | ઓપરેશન પછી જટિલ અસરોની સંખ્યા | અગાઉના મહિનામાં મૃત્યુદર |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | | | | | |
| ૨ | | | | | | | |
| ૩ | | | | | | | |
| ૪ | | | | | | | |
| મહિનાનો કુલ સરવાળો | | | | | | | |

PIAના પશુચિકિત્સક પરિયોજના પ્રભારીની સહી અને તારીખ:

| | |
|---|---|
| MVO/ JVO ની સહી અને તારીખ**<br><br>MVO/JVO નું નામ<br>MVO/JVO સ્ટેમ્પ | DVO ની અહી અને તારીખ**<br><br>DVO નું નામ<br>DVO સ્ટેમ્પ |

* PIA: Project Implementing Agency (પરિયોજના અમલીકરણ એજન્સી)

** MVO: Municipal Veterinary Officer deployed by Local Body. (સ્થાનિક સત્તાતંત્ર દ્વારા નિયુક્ત કરવામાં આવેલા નગરપાલિકા પશુ ચિકિત્સા અધિકારી)

** JVO: Jurisdictional Veterinary Officer deployed at Govt. Veterinary Hospital of the area. (સંબંધિત વિસ્તારના સરકારી પશુ દવાખાના ખાતે નિયુક્ત કરવામાં આવેલા અધિકારક્ષેત્રના પશુચિકિત્સા અધિકારી)

**DVO: District Veterinary Officer of Animal Husbandry Department / Ex-officio Member Secretary of the District SPCA of the concerned District. (પશુપાલન વિભાગના જિલ્લા પશુ ચિકિત્સા અધિકારી/હોદ્દાની રૂએ સંબંધિત જિલ્લાની જિલ્લા એસપીસીના સભ્ય સચિવ.

ABC-ARV પરિયોજનાનો માસિક પ્રગતિ અહેવાલ

તારીખ: રવાનગી નં.:

મહિનો/વર્ષ:

PIA નું નામ*:

સ્થાનિક સંસ્થાનું નામ:

ABC સેન્ટરનું સરનામું:

| તારીખ | નર કૂતરાઓની સંખ્યા | માદા કૂતરીઓની સંખ્યા | આવરી લેવામાં આવેલા કૂતરાની કુલ સંખ્યા | નિરીક્ષણ હેઠળના કૂતરાની સંખ્યા | મૃત્યુદર | MVO/JVO દ્વારા ખરાઇ | DVO દ્વારા ખરાઇ |
|---|---|---|---|---|---|---|---|
| મહિનાની પહેલી તારીખ | | | | | | | |
| મહિનાની બીજી તારીખ | | | | | | | |
| .. સુધી ચાલુ | | | | | | | |
| મહિનાની છેલ્લી તારીખ | | | | | | | |
| કુલ સરવાળો | | | | | | | |

PIAના પશુચિકિત્સક પરિયોજના પ્રભારીની સહી અને તારીખ:

| MVO/ JVO ની સહી અને તારીખ** | DVO ની અહી અને તારીખ** |
|---|---|
| MVO/JVO નું નામ<br>MVO/JVO ની મહોર | DVO નું નામ<br>DVO સ્ટેમ્પ |

* PIA: Project Implementing Agency (પરિયોજના અમલીકરણ એજન્સી)

** MVO: Municipal Veterinary Officer deployed by Local Body. (સ્થાનિક સતાતંત્ર દ્વારા નિયુક્ત કરવામાં આવેલા નગરપાલિકા પશુ ચિકિત્સા અધિકારી)

** JVO: Jurisdictional Veterinary Officer deployed at Govt. Veterinary Hospital of the area. (સંબંધિત વિસ્તારના સરકારી પશુ દવાખાના ખાતે નિયુક્ત કરવામાં આવેલા અધિકારક્ષેત્રના પશુચિકિત્સા અધિકારી)

**DVO: District Veterinary Officer of Animal Husbandry Department / Ex-officio Member Secretary of the District SPCA of the concerned District. (પશુપાલન વિભાગના જિલ્લા પશુ ચિકિત્સા અધિકારી/ હોદ્દાની રૂએ સંબંધિત જિલ્લાની જિલ્લા એસપીસીના સભ્ય સચિવ.